રાષ્ટ્રીય સાહિત્યમાળા, મણકો ૧ લો.

મહાત્મા ગાંધીજીનો

મ્હારો જેલનો અનુભવ.

પ્રસિદ્ધ કર્તા

રાષ્ટ્રીય સાહિત્ય પ્રચારક મંડળ

દોલતખાના, ૪૧૦૫—અમદાવાદ.

કીંમત
આના.

રાષ્ટ્રીય સાહિત્યમાળા:— મણકો ૧ લો.

મહાત્મા ગાંધીજીનો

મ્હારો જેલનો અનુભવ.

(દક્ષિણ આફ્રીકામાં મહાત્મા ગાંધીએ ચલાવેલા સત્યાગ્રહ સમયે અનુભવેલો જેલનો પરિચય)

પ્રસિદ્ધ કર્તા

રાષ્ટ્રીય સાહિત્ય પ્રચારક મંડળ

દોલતખાના, ૪૧૦૫—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૭૮. સને ૧૯૨૧.

ખાડીયા, જેઠાભાઇની પોળમાં "પ્રજાબંધુ" પ્રિન્ટીંગ વર્કસમાં
ચીમનલાલ મોહનલાલ મોદીએ છાપ્યો—અમદાવાદ.

પ્રસ્તાવના.

દક્ષીણ આફ્રિકામાં મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ ચલાવેલો અને જેલયાત્રા કરેલી તે દરમ્યાન તેમને ત્યાંની જેલનો જે અનુભવ મળેલો તે તેમણે ૧૯૦૮ ની સાલમાં અને ત્યારપછી ત્રણ પુસ્તકોમાં પ્રગટ કરેલો તે ત્રણે પુસ્તકોનો એકત્ર સંગ્રહ અક્ષરસઃ અત્રે પુનઃ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગૂજરાતમાં અન્ય સ્થળે પણ તે પ્રસિદ્ધ થઇ ચૂકેલ છે.

અત્યારે હીન્દુસ્તાનમાં અસહકારની ચળવળને અંગે સરકાર તરફથી જપતાની નીતિ અખત્યાર થઇ રહેલી છે અને જે સત્યાગ્રહ મુંબાઇના રમખાણ પછી મુલત્વી રાખવો પડયો હતો તેનો થોડો ઘણો પણ અમલ દેશના જુદા જુદા ભાગમાં શરૂ કરવાની ફરજ આવી પડેલી છે. ને સંખ્યાબંધ લોકો સ્વતંત્રતાને માટે જેલયાત્રા કરવા નીકળી પડયા છે અને સ્વરાજ્ય પ્રાપ્તીને માટે હજુ અસંખ્ય માણસોને જેલમાં જવું પડશે. આવી પરિસ્થિતિમાં મહાત્મા ગાંધીજીના જેલના અનુભવનું આ પુસ્તક જેલયાત્રા કરનારાઓને ઘણું જ ઉપયોગી નીવડશે એવી આશા રહે છે.

ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી.

વ્યવસ્થાપક—રાષ્ટ્રીય સાહિત્ય પ્રચારક મંડળ.

મારો જેલનો અનુભવ.

અનુભવ પહેલો.

જો કે માત્ર થોડા દિવસજ મેં તથા બીજા હીંદીઓએ સત્યને સારૂં જેલ ભોગવી છે, તોપણ તેમાં મળેલો અનુભવ એ બીજાઓને ઉપયોગી થઈ પડે એમ સમજીને, તથા ઘણાઓ તરફથી માગણી થઇ છે તેથી અહીં આપવા ધારૂં છું. જેલની મારફતે હીંદી કોમને હજુ ઘણા હકો મેળવવાના રહેશે એમ પણ માન્યતા છે. તેથી જેલનાં સુખ દુઃખ સહુ સમજે તે જરૂરનું છે. ઘણી વેળા જ્યાં ખરૂં જોતાં કંઇપણ દુઃખ હોતું નથી ત્યાં આપણે મનથી દુઃખ ધારી લઇએ છીએ. એટલે દરેક વસ્તુને વિષે ખરી હકીકત જાણવી તેથી લાભજ છે એમ ચોખ્ખું દેખાઇ આવે છે.

તા. ૧૦ મી જાનેવારીએ બપોરના બે વખત જેલમાં નાખવાના હુમલા થયા બાદ જેલમાં જવાનો વખત આવ્યો. મારા સાથીઓને અને મને સજા મળતા પહેલાં પ્રીટોરીઆથી તાર આવી ગયો હતો. તેમાં ખબર હતા કે ત્યાંના પકડાએલા હીંદીઓને નવા કાયદાને શરણ નહિ થવાને સારૂ ત્રણ મહિનાની સખત મજુરીની જેલ મળી હતી ને તે ઉપરાંત દંડ પણ થયો હતો. અને જો દંડ ન આપે તો બીજા ત્રણ મહીનાની સજા હતી. આ વાત સાંભળીને હું પોતે ધખી રહ્યો હતો. માજીસ્ટ્રેટની પાસે તેટલા સારૂં મેં વધારેમાં વધારે સજા માગી, પણ તે મળી નહિ.

અને અમને બધાને બે મહિનાની વગર મજુરીની કેદ મળી. મારા સાથી મી. પી. કે. નાયડુ, મી. સી. એમ. પીલે, મી. કડવા,

મી. ઇસ્ટન તથા મી. ફોરટુન હતા. છેલ્લા બે ગ્રહસ્થો ચીના છે. મને સજા થયા પછી બે ચાર મીનીટ કોર્ટ પાછળના કેદખાનામાં રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ મને ચુપકીથી એક ગાડીમાં લઇ ગયા. તે વખતે મનમાં ઘણા તરંગો આવ્યા. શું મને નોખી જગ્યા આપી રાજદ્વારી કેદી તરીકે ગણશે? શું બીજાઓથી મને નોખો પાડશે? અથવા તો મને જોહાન્સબર્ગ છોડી બીજી જગ્યાએ લઇ જશે? આવા વિચારો આવ્યા કરતા હતા. મારી સાથે ડીટેક્ટીવ હતો તે માફી માગતો હતો. મેં તેને જણાવ્યું કે તારે માફી માગવાની જરૂર નથી. કેમકે મને કેદમાં લઇ જવો એ તારી ફરજ છે.

કેદખાનું.

મારા તરંગો બધા નકામા હતા એમ તુરત માલમ પડ્યું. જ્યાં બીજા કેદીઓને લઈ જાય છે ત્યાં મને પણ લઇ ગયા. થોડી મુદતમાં બીજા સાથીઓ પણ આવ્યા. અમે સૌ મળ્યા. પ્રથમ તો અમારૂં બધાનું વજન કર્યું. પછી બધાં આંગળાં પડાવ્યાં. ત્યારબાદ બધાને નાગા કર્યા. ત્યારપછી અમને જેલનો પોશાક આપવામાં આવ્યો. પોશાકમાં કાળું પાટલુન, ખમીસ, ખમીસની ઉપરનું પહેરણ (જેને અંગ્રેજીમાં જંપર કહે છે), ટોપી તથા મોજાં અમને આપ્યાં. અમારાં જુનાં કપડાંને સારૂં દરેકને નોખી થેલી આપવામાં આવી તેમાં તે પેક કર્યા પછી અમને અમારી પોતાની કોટડીમાં લઈ જતા પહેલાં દરેકને આઠ ઔંસ રોટીનો ટુકડો આપવામાં આવ્યો. પછી કાફરી કેદખાને લઇ ગયા.

કાફરા ને હિંદી એક !

ત્યાં અમારાં કપડાં ઉપર "N" એવી છાપ મારી. એટલે કે અમે બરોબર નેટીવની પંકતીમાં મુકાયા. ઘણી અગવડો ઉઠાવવા

અમે સહુ તઇયાર હતા, પણ અમારી આ વલે થશે એમ માન્યું નહોતું. ગોરાઓની સાથે આપણને ન મુકે એ સમજી શકાય એવું છે. પણ આપણને છેક કાફરાઓની સાથે રાખે એ સહન ન થઇ શકે એવું જણાયું. આવી દશા જોઈ વિચાર કર્યો કે સત્યાગ્રહની લડત જરાએ વધારે પડતી કે વખત વિચાર્યા વિનાની નથી. હીંદીને તદન નમાલા કરી મુકવાનો ખુની કાયદો હતો એમ વધારે સાબેત થયું.

તોપણ અમને કાફરાઓની સાથે રાખ્યા એ ઘણે ભાગે સંતોષ પામવા જેવું થયું. તેઓની હાલત, તેઓની તરફની વર્તણુક અને તેઓના ખવાસ જાણવાની આ ભલી તક મળી. બીજી રીતે જોતાં તેઓની સાથે મુકવામાં હલકાઇ ગણવી એ મનને ઠીક ન લાગ્યું. છતાં સાધારણ રીતે જોતાં હીંદીને અલગ રાખવા જોઇએ એમાં પણ શક નથી. અમારી કોટડીની પડખેજ કાફરાઓની કોટડીઓ હતી. તેમાં અને બહારના મેદાનમાં તેઓ કકળાટ કરી મુકતા હતા. અમે વગર મજુરીના કેદી હતા તેથી અમારી કોટડી નોખી હતી. નહિ તો અમને તેજ કોટડીમાં પૂરી શકત. મજુરીવાળા હીંદીઓને કાફરોની સાથેજ પુરવામાં આવે છે.

આ વાત હલકાઇ ભરેલી છે કે નહિ તે વિચાર અલગ રાખતાં એ બહુ જોખમ ભરેલી છે એટલું કહેવું તે બસ છે. કાફરો ઘણે ભાગે જંગલી હોય છે. તેમાં વળી કેદમાં આવેલા કાફરોનું તો પુછવુંજ શું? તેઓ તોફાની, બહુ ગંદા, અને લગભગ જાનવરની સ્થિતિમાં રહેનારા છે. એકેક કોટડીમાં ૫૦ થી ૬૦ માણસ સુધી પુરવામાં આવે છે. કોઇ વેળા તેઓ કોટડીની અંદર રમખાણ મચાવે છે, ને માંહોમાંહે લડે છે. આવી સોબતમાં ગરીબડા હીંદીના કેવા હાલ થાય, તે વાંચનાર સહેજે જાણી શકે છે.

બીજા હીંદી કેદી

આખી જેલમાં અમારા સિવાય ભાગ્યેજ ત્રણ ચાર હીંદી કેદી

હતા. તેઓને કાફરોની સાથે પુરાવું પડતું હતું, એટલું અમારા કરતાં વધારે હતું. તોપણ મેં જોયું કે તેઓ ખુશ દિલથી રહેતા હતા, અને બહાર હતા તે વખતના કરતાં તેઓની તબીયત વધારે સારી હતી. તેઓએ ઉપરી જેલરની મહેરબાની મેળવી હતી. કારરોના પ્રમાણમાં કામ કરવામાં ચંચળ અને માહીતગાર હોવાથી તેઓને જેલની અંદરજ સારી મજુરી સોંપવામાં આવી હતી. એટલે કે તેઓ સ્ટોરમાં, સંચા કામપર દેખરેખ રાખવાનું તથા એવું બંજું કામ કરતા હતા, કે જે જરાયે ભારે પડતું કે મેલું નહિ લાગે. અમને પણ તેઓ બહુ મદદગાર થઇ પડયા હતા.

રહેઠાણ.

અમને એક કોટડી સોંપવામાં આવી. તેમાં તેર માણસને રાખવા જેટલો મારગ હતો. તે કોટડીની ઉપર 'કાળા કરજદાર કેદીઓ' એમ લખ્યું હતું. એટલે ઘણે ભાગે તે કોટડીમાં દિવાની જેલ ભોગવનારા કાળા માણસોને રાખવામાં આવતા હતા એમ થયું. તે કોટડીમાં હવા તથા અજવાળાને સારૂ નાની સરખી બે બારીઓ હતી. તેને મજબુત સળીઆ જડયા હતા. એ વાટે જેટલી હવા આવતી હતી તે મારા હિસાબ પ્રમાણે બસ નહિ ગણાય. તે કોટડીની દિવાલો ટીનનાં પતરાંની હતી. તેમાં અરધા ઇંચ જેટલાં ત્રણ જગ્યાએ કાચ જડેલાં બાકોરાં હતાં, જેમાંથી જેલરો અંદર કેદીઓ શું કરે છે તે છુપી રીતે જોઈ શકે. અમારી કોટડીની પાસેજ જે કોટડી હતી તેમાં કાફર કેદીઓ હતા. તેની નજીક કાફર, ચીના અને કેપબોય સાક્ષીઓ હતા જેઓને ભાગી ન જાય તેટલા સારૂ કેદમાં રાખવામાં આવ્યા હતા.

અમારે બધાને સારૂ દિવસના હરવા ફરવા સારૂ નાનું ફળીયું હતું, જેની આસપાસ દિવાલ હતી. ફળીયું એટલું બધું નાનું હતું કે તેમાં દિવસના હરવું ફરવું એ બહુ મુસ્કેલી જેવું થઇ પડયું હતું. તે લત્તાના કેદીઓથી તે ફળીયાની બહાર રજા વિના નીકળી શકા-

યજ નહિ એવો નિયમ હતો. ગુશલ કરવાનું તથા પાયખાના વિગેરેની સગવડ એ પણ તે ફળીયામાં આવી જતી હતી. ગુશલ કરવાને સારૂં પથ્થરની બે મોટી કુંડીઓ હતી; અને વરસાદની જેમ નહાવાની બે ઝારીવાળી નળીઓ હતી. જાજરૂને સારૂં પણ બાકીટ રહેતી હતી. અને પેશાબને સારૂં બે બાકીટ હતી. એમ ઢાંકીને છુપી રીતે નાહી ધોઈ શકાય અથવા તો જાજરૂ જઇ શકાય એવી સગવડ ન હતી. જેલના ધારામાં પણ એવું હતું કે કેદીઓ અળગા રહી શકે તેવી રીતે જાજરૂ વિગેરેની ગોઠવણ ન હોવી જોઇએ. તથા ઘણી વેળા બે ત્રણ કેદીઓને એક હારમાં બેશીને જાજરૂં જવું પડતું હતું. ગુશલ કરવાની સ્થિતિ તેવીજ હતી. પેશાબની બાકીટ પણ ખુલ્લી જગ્યામાં હતી. આ બધું પ્રથમ આપણને અણગમો ઉપજાવનારૂં લાગે. કેટલાકને તો તેથી ઘણુંજ દરદ થાય. તોપણ ઉંડો વિચાર કરતાં એમ જોઈ શકાય છે કે જેલખાનામાં આવી વસ્તુઓ ખાનગી રીતે ન બની શકે, અને જાહેર રીતે કરતાં ખસુસ એબ નથી. તેથી ધીરજ રાખી એ ટેવ પાડવાની જરૂર છે, અને તેવી જાહેરાતથી ગભરાવાનું કે કંટાળવાનું નથી.

કોટડીની અંદર સુવાને સારૂં લાકડાનાં ત્રણ ઈંચના પાયાવાળાં પાટીઆંની પથારી હતી. જણ દીઠ બે કામળી અને નાનો સરખો તકીઓ, તથા પાથરવા માટે વીંટી શકાય એવડી કાથાની સાદડી એટલાં હતાં. કોઈ વખત ત્રણ કામળી મળી શકતી હતી, પણ તે માત્ર મહેરબાનીની દાખલ. આવી કઠણ પથારીથી કેટલાક ગભરાતા જોવામાં આવતા હતા. સાધારણ રીતે જેઓને પોચી પથારીમાં સુવાની ટેવ હોય છે તેને આવી કઠણ પથારી મુશ્કેલ લાગે. વૈદકશાસ્ત્રના નિયમ પ્રમાણે કઠણ પથારી એ વધારે સારી ગણાય છે. એટલે જો આપણે ઘરમાં પણ કઠણ પથારી વાપરવાનો રિવાજ રાખ્યો હોય તો જેલની પથારીનું દુઃખ જણાય નહિ. કોટડીમાં હમેશાં એક બાકીટ, પાણી, તથા રાતના પેશાબ કરવા સારૂં એક બીજી બાકીટ થાળમાં

મુકવામાં આવતી હતી. કેમકે રાતના કોઈપણ કેદીથી કોટડીની બહાર નીકળી શકાય નહિ. દરેક જણને જેમ જોઇએ તેમ થોડોક સાબુ, એક ખાદીનો ટુવાલ તથા લાકડાનો ચમચો પણ આપવામાં આવ્યા હતા.

સફાઇ.

જેલખાનાની સફાઇ ઘણીજ સરસ ગણી શકાય. હમેશાં કોટડીની ભોંય જંતુનાશક પાણીવડે સાફ કરવામાં આવતી હતી. તેની કોરને દરરોજ ચુનો લગાડવામાં આવતો હતો. તેથી કોટડી હમેશાં નવી જેવી રહેતી હતી. ગુશલખાનું તથા પાયખાનું તે પણ સાબુથી અને જંતુનાશક પાણીથી હમેશાં સાફ રાખવામાં આવતાં હતાં. સફાઇ બાબત મને પોતાને શોખ છે એમ માનું છું. તેથી જ્યારે છેવટના ભાગમાં આપણા ઘણા માણસો આવ્યા ત્યારે જંતુનાશક પાણીથી પાયખાનાં હું પોતેજ સાફ રાખતો. પાયખાનાં ઉપાડી જવાનું કામ કરવા હમેશાં નવ વાગે કેટલાક ચીના કેદીઓ આવતા. ત્યારબાદ દિવસના સફાઇ રાખવી હોય તો હાથોહાથ કરી લેવું પડે છે. પથારીનાં પાટીઆં હમેશાં રેતી અને પાણીવતી ધોવામાં આવતાં હતાં. અગવડ ભરેલું માત્ર એજ જોવામાં આવતું કે તકીઆ અને કામળી સેંકડો કેદીઓમાં વખતો વખત બદલાઇ જવાનો સંભવ હતો. જોકે કામળીઓ હમેશાં તડકે મુકવી જોઇએ, છતાં તે નિયમ ભાગ્યેજ જાળવવામાં આવતો હતો. જેલનું ફળીયું હમેશાં બે વખત સાફ કરવામાં આવતું હતું.

કેટલાક નિયમો.

જેલના કેટલાક નિયમો સહુને જાણવા જેવા છે. સાંજના સાડા પાંચ વાગે કેદીઓને પુરી દેવામાં આવતા હતા. રાતના આઠ વાગ્યા સુધી તેઓ કોટડીમાં વાંચી શકે છે, અને વાતચીત કરી શકે છે. આઠ વાગ્યા બાદ સહુને ઉંઘી જવાની ફરજ છે. એટલે જો ઉંઘ ન આવે

તો પણ પડયા રહેવું જોઇએ. આઠ વાગ્યા પછી માંહોમાંહે વાતચીત કરવી એ કેદના ધારાનો ભંગ ગણવામાં આવે છે. કાફર કેદીઓ આ ધારો બરોબર સાચવતા નથી. તેથી રાતના પહેરેગીરો તેઓને ચુપ રાખવાને સારૂ "ડુલા ડુલા" કહી દિવાલો ઉપર લાકડીઓ ઠોકયા કરે છે. કોઇપણ કેદીને બીડી પીવાની સખત મનાઇ હોય છે. આ નિયમ ઘણી સાવચેતીથી જળવાવવામાં આવે છે. પણ હું જોતો હતો કે બીડીના બંધાણી કેદી તે નિયમનો ભંગ છુપી રીતે કરતા હતા. સવારના સાડા પાંચ વાગે ઉઠવાનો ઘંટ વાગે છે. તે વખતે દરેક કેદીએ ઉઠી હાથ મ્હોં ધોઇ નાંખવાં જોઇએ, તથા પોતાની પથારી સંકેલવી જોઇએ. સવારના છ વાગે કોટડીનો દરવાજો ખોલવામાં આવે છે, જે વેળા દરેક કેદી પોતાની સંકેલેલી પથારી પાસે અદબસર ઉભેલો હોવો જોઇએ. રખેવાળ આવીને દરેક કેદીને ગણી જાય છે. તેજ પ્રમાણે કોટડી બંધ કરતી વખતે દરેક કેદીને ગણી જાય છે. તેજ પ્રમાણે કોટડી બંધ કરતી વખતે દરેક કેદીને પોતાની પથારી પાસે ઉભા રહેવાનો ધારો છે. કેદખાના સિવાયની કંઇ વસ્તુ કેદીની પાસે નહિ હોવી જોઇએ. કપડાં સિવાયની જે કંઇ વસ્તુ હોય તે ગવર્નરની પરવાનગી વિના રાખવાની મનાઈ છે. દરેક કેદીના પહેરણ ઉપર એક બટન ઉપર ટાંકેલી કોથળી હોય છે. તેમાં કેદીની ટીકીટ રાખવામાં આવે છે. તે ટીકીટની ઉપર તેનો નંબર, તેની સજા, તેનું નામ વિગેરે નોંધેલાં હોય છે. દિવસના સાધારણ નિયમ પ્રમાણે કોટડીમાં રહેવાની બંધી હોય છે. મજુરીવાળા કેદી તો કામપર હોય એટલે રહીજ ન શકે. પણ વગર મજુરીના કેદી પણ કોટડીમાં રહી શકતા નથી. તેઓને ફળીયામાં રહેવું જોઇએ છીએ. અમારી સગવડ સારૂ ગવર્નરે એક ટેબલ તથા બે બાંકડા કોટડીમાં મુકવાની પરવાનગી આપી હતી અને તે બહુ ઉપયોગી થઈ પડયા હતાં.

દરેક કેદીના વાળ તથા મુછ જો બે મહિનાનો સજાદાર હોય તો કાપવાનો ધારો છે. આ ધારો હીંદીની સામે જોરથી લાગુ પાડ-

વામાં આવતો નથી. જો કોઈ આનાકાની કરે તો તેની મુછ રહેવા દે છે. આ વિષે મને હસવા લાયક અનુભવ થયો. હું પોતે જાણતો હતો કે કેદીઓના વાળ કાપવામાં આવે છે. વળી એમ પણ ખબર હતી કે વાળ કાપવાનો તથા મુછ કાપવાનો નિયમ તે કેદીઓના સુખને સારૂ છે, નહિ કે તેઓને હલકા પાડવાને ખાતર. હું પોતે માનું છું કે આ નિયમ બહુ જરૂરનો છે. કેદની અંદર વાળ સાફ કરવાનો દાંતીઓ વિગેરે સાધન હોતાં નથી. વાળ જો સાફ ન રખાય તો ગુમડાં વિગેરે થવાનો ઘણો સંભવ રહે છે. વળી ગરમી હોય તો વાળ અસહ્ય થઇ પડે છે. કેદીઓને અરીસો વાપરવા મળતો નથી, તેથી મુછ ગંદી રહેવાનો સંભવ છે. ખાતી વખતે રૂમાલ તો હોય નહિ. લાકડાનો ચમચો ખાવામાં અગવડ ઉપજાવે છે. લાંબી મુછ હોય તો ખોરાક મુછને વળગે છે. વળી કેદીઓનો બધો અનુભવ લેવાનો મારો વિચાર હતો. તેથી મુખી દરોગા પાસે મારાં વાળ તથા મુછ કાપવાની મેં માંગણી કીધી. તેણે કહ્યું ગવર્નરની સખત મનાઇ છે. મેં કહ્યું હું જાણું છું કે ગવર્નર મને ફરજ પાડવા નથી માગતા, પણ હું મારા વાળ અને મુછ મરજીઆત કપાવવા ઇચ્છું છું. તેણે ગવર્નરની પાસે અરજી કરવા સૂચના કીધી. બીજે દહાડે ગવર્નરની પરવાનગી મળી. પણ તેણે કહ્યું હવે તો બે મહિનામાંથી બે દિવસ તમારા ગયા એટલે તમારા વાળને મુછ કાપવાનો મને હક નથી. મેં કહ્યું તે વાત હું જાણું છું, પણ મારી સુખાકારીને ખાતર અને મારી મરજીથી હું કાપવા માગું છું. છતાં તેણે હસીને આનાકાની કરી. પાછળથી મને માલુમ પડયું કે ગવર્નરને કંઇક શક અને ભય હતાં. મારી આ માગણીમાં કંઇ ભેદ તો ન હોય? પાછળથી ગવર્નરની ઉપર ઢોળીને જેલની બહાર નીકળી પરાણે વાળ મુછ કાપવાનું તોફાન તો ન કરૂં? એમ તેને લાગ્યું. મેં તો મારી માગણી હંમેશાં ચાલુ રાખી. મરજીથી કાપવા માગું છું એવું લખીતવાર આપવાનું પણ કહ્યું. ગવર્નરનો શક દુર થયો, અને છેવટે મને ચોકાકાતર આપવાનો હુકમ મુખી દરોગાને કર્યો. મારી સાથેના

કેદી મી. પી. કે. નાયડુને હજામના કામની પુરી વાકેફગીરી હતી. મને પોતાને પણ થોડું ઘણું આવડે છે. મેં વાળ મુછ કાપ્યાં તે જોઇ, તથા તેનું કારણ સમજીને બીજાઓએ પણ તેમ કર્યું. કેટલાકે માત્ર વાળજ કપાવ્યા. મી. નાયડુ તથા હું મળીને હમેશાં બે કલાક હીંદી કેદીઓના વાળ કાપવામાં ગાળતા હતા. હું માનું છું કે આથી સુખાકારી અને સગવડતા વધ્યાં હતાં. તેથી કેદીઓનો દેખાવ સુઘડ લાગતો હતો જેલમાં અસ્ત્રો વાપરવાની સખત મનાઇ છે. માત્ર ઘોડાકાતર જ વાપરવામાં આવે છે.

તપાસ.

કેદીઓની તપાસ જુદા જુદા અમલદારો કરવા આવે ત્યારે દરેક કેદીએ હારબંધ થઈ જવું જોઇએ. અમલદાર આવે ત્યારે ટોપી ઉતારી સલામ કરવી જોઇએ. બધા કેદીને અંગ્રેજી ટોપી હતી, એટલે તે ઉતારવામાં કશો બાધ ન હતો, અને ઉતારવી જોઇએ એ કાયદેસર હતું એટલુંજ નહીં, પણ મુનાસબ હતું. આમ હારબંધ થઇ જવાનો હુકમ, જ્યારે કોઇ અમલદાર આવે ત્યારે, "ફોલ ઇન" એ શબ્દ વાપરીને આપવામાં આવતો હતો. એટલે "ફોલ ઇન" એ શબ્દ અમારો ખોરાક થઇ રહયો હતો. તેનો અર્થ માત્ર એ છે કે હારબંધ થઇ ધ્યાનપુર્વક ઉભા રહો. આમ દિવસના હમેશાં ચાર પાંચ વખત થતું. તેમાંનો એક અમલદાર જે મદદનિશ મુખી દરોગો કહેવાતો હતો તે જરા અકકડ હતો. તેથી તેનું નામ હીંદી કેદીઓએ 'જનરલ સ્મટસ' પાડયું હતું. તે સવારમાં ઘણી વખત પહેલો આવતો, અને પાછો સાંજના પણ આવી જાય. સાડાનવ વાગે ડાકટર આવતો. તે બહુ ભલો અને માયાળુ જણાતો હતો. હમેશાં ચિવટથી ખબર પુછતો. જેલના ધારા પ્રમાણે દરેક કેદીએ પહેલે દહાડે જાહેર નાગા થઇ ડાકટરને પોતાનું શરીર બતાવવું જોઇએ. પણ ડાકટરે અમારા સંબંધમાં એ ધારો લાગુ ન પાડયો. અને જ્યારે ઘણા હીંદી કેદી થયા ત્યારે તેણે કહ્યું કે જો કોઇને ખુસ વિગેરેનું દરદ હોય તો અમારે જાહેર કરવું, કે જેથી ડાકટર તેવા માણસને

એકાંતમાં લઇ જઇ તપાસશે. સાડા દશ કે અગીઆર વાગે ગવર્નર તથા મુખી દરોગો આવતા. ગવર્નર બહુ દ્રઢ, ન્યાયી, અને શાંત સ્વભાવનો માણસ જોવામાં આવ્યો. તેનો હમેશાં એકજ સવાલ હતો. "તમે બધા સારા તો છો? તમારે કંઇ વસ્તુ જોઇએ છે? તમારે કંઇ રાવ ખાવાની છે?" જ્યારે જ્યારે કંઈ માગણી કે રાવ કરવામાં આવતી ત્યારે તે ધ્યાન દઇ સાંભળતો; અને બની શકે તે માગણી કબુલ કરતો, અને રાવ ખાધી હોય તો તેનો ફડચો કરતો. કેટલીક રાવ અને માગણીઓનું આગળ ઉપર વિવેચન કરીશ. ડેપ્યુટી ગવર્નર પણ કોઇ કોઇ વેળા આવતો. તે પણ ભલો હતો. પણ સર્વથી ભલો, સુશીલ અને લાગણીવાળો તે અમારો ખાસ ઉપરી જે 'મુખી દરોગો' કહેવાતો હતો તે હતો. તે પોતે બહુ ધાર્મિક છે, અને એની વર્તણુક માત્ર અમારી તરફ સરસ અને સભ્ય હતી એટલુંજ નહિ, પણ દરેક કેદી છુટે મોઢે તેના ગુણ ગાતો હતો. કેદીઓના હક જે કંઇ હોય તે પુરા જાળવવામાં તેને ખંત હતી. કેદીઓમાં નજીવો ગુન્હો જોવામાં આવે તો તે દરગુજર કરતો. અમે બધા ખરૂં જોતાં બિનગુન્હેગાર હતા એમ સમજી અને જાણીને તે વિશેષ માયા રાખતો હતો. પોતાની લાગણી બતાવવા ઘણી વખત અમારી પાસે આવી વાતચીત પણ કરતો.

કેદીઓમાં વધારો.

હું કહી ગયો છું કે પહેલા સત્યાગ્રહી કેદી અમે માત્ર પાંચ હતા. તા. ૧૪મી જાનેવારી ને મંગળવારે મી. થંબી નાઈડુ જે ચીફ પીકેટ હતા તે અને ચાઇનીઝ એસોસીએશનના પ્રમુખ મી. ક્વીન આવ્યા. તેમને જોઇ બધા બહુ રાજી થયા. તા. ૧૮ મી જાનેવારીએ ૧૪ માણસ બીજા આવ્યા. તેમાં સમુદરખાન હતા. તેની બે માસની જેલ હતી. બાકીના ૧૩ માં મદ્રાસી, કાનમીઆ તથા ગુજરાતી હીંદુઓ હતા. તેઓ બધા વગર લાઇસેન્સથી ફેરીનો ધંધો કરવાને સારૂ પકડાયા હતા, અને તેઓનો બે પાઉંડ દંડ થયો હતો. જો બે પાઉંડ ન આપે તો ૧૪ દિવસની જેલ હતી. તેઓ

હિંમતપૂર્વક દંડ ન આપતાં જેલમાં આવ્યા હતા. તા. ૨૧ મી જાનેવારી ને મંગળવારે ૭૬ માણસ બીજાં આવ્યાં. તેમાં બે મહિના ની જેલવાળા નવાબખાન હતા. બાકી બધા ૨ પાઉંડ અથવા ૧૪ દિવસની જેલ વાળા હતા. આમાંના ઘણાખરા ગુજરાતી હીંદુ હતા. કોઇ કાનમીઆ, અને કોઇ મદ્રાસી હતા. તા. ૨૨ મી જાનેવારીને બુધવારે ૩૫ માણસો બીજાં આવ્યાં. તા. ૨૩ મીએ ૩ આવ્યા. ૨૪ મીએ ૧ આવ્યો. ૨૫ મીએ ૨, ૨૮ મીએ ૬ અને તેજ દિવસે સાંજના બીજા ૪ આવ્યા ૨૯મી તારીખે વળી ૪ કાનમીઆ આવ્યા. એટલે ૨૯મી જાનેવારી સુધીમાં બધા મળી ૧૫૫ સત્યાગ્રહી કેદી થયા. ગુરૂવારે એટલે ૩૦ મીએ મને પ્રીટોરીઆ લઇ ગયા હતા. પણ મને માલમ છે કે તે દહાડે પણ ૫ અથવા ૬ બીજા કેદી ગયા હતા.

ખોરાક

ખોરાકનો સવાલ ઘણા માણસોને ઘણી સ્થિતિએ વિચારવા જેવો હોય છે. પણ કેદીઓને તે સવાલ ઘણોજ વધારે વિચારવાનો રહે છે. તેઓનો ઘણો આધાર સારા ખોરાક ઉપર રહે છે. ખોરાક સંબંધમાં એવો ધારો છે કે જેલમાં જે મળે તેજ લેવાય તથા બીજી જગ્યાએથી નજ લેવાય. સોલજરોને જે ખોરાક મળે તે લેવો પડે છે. પણ સોલજર તથા કેદીમાં ઘણો ફરક છે. સોલજરને બીજો ખોરાક તેના ભાઇબંધો મોકલી શકે છે અને તે લીએ છે. કેદીને તો બીજો ખોરાક લેવાની બંધીજ છે. ખોરાકની અગવડ એ કેદની એક મોટી નીશાની છે. વાતચિતમાં પણ જોઇશું તો જેલના સત્તાવાળા કહેશે કે કેદમાં સ્વાદ તો હોયજ નહિ; સ્વાદની વસ્તુ કેદમાં નહિ આપીએ. જ્યારે જેલના ડાક્ટરની સાથે મારે વાતચિત થઇ ત્યારે તેને મેં કહ્યું કે રોટીની સાથે ચા અથવા ઘી કે બીજી કંઇ વસ્તુની જરૂર છે. ત્યારે તેણે કહ્યું કે "એતો તમે સ્વાદ કરવા માગો છો. જેલમાં તે ન હોય."

હવે આપણે જેલનો ખોરાક વિચારીએ. જેલના ધારા મુજબ પહેલે અઠવાડીએ નીચે મુજબ ખોરાક હીંદીને મળે છે:—

સવારના બાર આઉંસ મકાઇના આટાનું પુપુ, શકર કે ઘી વિના.
બપોરે ચાર આઉંસ ચાવલ, ને એક આઉંસ ઘી.
સાંજના ચાર દિવસ બાર આઉંસ મકાઇના આટાનું પુપુ, ત્રણ
દિવસ બાર આઉંસ બાફેલા બીનીસ (વાલ), અને નિમક.

આ ખોરાક તે કાફરાઓને અપાય છે તેની ઉપરથીજ ઘડેલો છે. ફરક માત્ર એ છે કે કાફરાઓને કચરેલી મકાઈ તથા ચરબી સાંજે આપવામાં આવે છે તેને બદલે હીંદીને ચાવલ મળે છે.

બીજે અઠવાડીએ અને ત્યાર પછી હમેશને સારૂ મકાઈના આટાની સાથે બે દિવસ બાફેલા આલુ અને બે દિવસ બીજી તરકારી જેવી કે કાબેજ તથા કોળું વગેરે આપવામાં આવે છે. જેઓ ગોસ ખાય તેને બીજે અઠવાડીએથી આતવારને દહાડે તરકારીની સાથે ગોસ પણ આપવામાં આવે છે.

જે કેદીઓ પહેલાં પહોંચ્યા હતા તેઓએ વિચાર કર્યો હતો કે સરકારની પાસેથી કંઇ મહેરબાની નહિ માગવી, ને જે ખોરાક આપે ને ખપે તેવો હોય તેથી ચલાવી લેવું. હકિકતે જોતાં ઉપરનો ખોરાક હીંદીને સારૂં બરોબર નહિ કહેવાય. વૈદકના નિયમ પ્રમાણે ઉપરના ખોરાકમાં પોષણ પૂરતું થઇ શકે છે. કાફરોનો તો મકાઇ એ હમેશનો ખોરાક છે. એટલે તેઓને ઉપરનો ખોરાક ઘણોજ માફક આવે છે, ને તેથી તેઓ કેદમાં આવી પુષ્ટ બને છે. પણ હીંદીને તો ચાવલ સિવાય કંઈજ વસ્તુ માફકસર ન ગણાય. મકાઇનો આટો ભાગ્યેજ હીંદી ખાય છે. એકલા બીનીસ ખાવાની ટેવ આપણને હોતી નથી અને ભાજીપાલો જેમ તે લોકો પકાવે તેમ ખાવાનું હીંદીને પસંદ નહિજ પડે. તેઓ ભાજીપાલો સાફ નથી કરતા ને તેમાં મસાલો પણ નથી નાખતા. વળી જે શાક કાફરાઓને સારૂં બને છે તે ગોરાઓને સારૂં બનેલા શાકની છાલ અથવા છોતરાં ઘણે ભાગે હોય છે. મસાલામાં નિમક સિવાય બીજું કંઈજ નથી આપવામાં આવતું. ચીનીનું તો નામજ ન હોય. એટલે ખોરાકની વાત બધાને

અઘરી લાગી છતાં અમે નિશ્ચય કર્યો કે સત્યાગ્રહી તે જેલવાળાની પાસે કરગરવા નહિ જાય, તેમ તેઓની મહેરબાની પણ નહિ માગે. તેથી અમે ઉપરના ખોરાકથી સંતોષ માન્યો.

ગવર્નરે અમને પુછપરછ કરેલી તેના જવાબમાં તેને કહ્યું કે " ખોરાક બરોબર નથી. પણ સરકારની પાસેથી અમે કંઇ મહેરબાની નથી માગતા. જો સરકારનેજ સુઝે ને ફેરફાર કરે તો ઠીકજ છે. નહિ તો અમે જે ધારાસર ખોરાક મળે છે તેજ લઈશું."

આવી અટક લાંબી મુદત નહિ ટકી. બીજા માણસો જ્યારે આવ્યા ત્યારે અમે બધાએ વિચાર કર્યો કે બીજાઓને ખોરાકના દુઃખમાં સાથી કરવા તે ઠીક નહિ કહેવાય. તેઓ જેલમાં આવ્યા તેજ બસ ગણાય. અને તેઓને ખાતર સરકારની પાસેથી જુદી માગણી કરવી એ બરોબર છે. એવા વિચારથી ગવર્નરની આગળ તે બાબતની વાતચિત કરવાનું શરૂ કરી દીધું. ગવર્નરને કહ્યું કે જો કે અમે ગમે તે ખોરાક લઇશું તો પણ અમારી પછીના તેમ કરી નહિ શકે. ગવર્નરે તે બાબત વિચાર કર્યો ને જવાબ આપ્યો કે " માત્ર ધર્મને ખાતર નોખી રસોઈ કરવી હોય તો તે કરવાની રજા મળી શકશે. પણ ખોરાક તો જે અપાય છે તેજ મળશે. બીજો ખોરાક આપવો તે મારા હાથમાં નથી."

દરમીયાન ઉપર જણાવ્યા પ્રમાણે ચૌદ બીજા હીંદી આવી પહોંચ્યા. તેઓમાંનાં કેટલાકે તો પુપુ લેવાની ચોખ્ખી ના પાડી ને ભુખ વેઠવા લાગ્યા. તેથી હું જેલના ધારા વાંચી ગયો અને તેમાં મેં જોયું કે આવી બાબતની અરજી ડીરેકટર ઓફ પ્રીઝન (જેલ ખાતાના વડા)ને થઇ શકે. તેથી ગવર્નરની પાસે અરજી કરવાની પરવાનગી માગી ને નીચે પ્રમાણે અરજી મોકલી.

" અમે નીચે સહી કરનાર કેદીઓ અરજી કરીએ છીએ કે અરજદાર બધા એશિયાટીક છે અને કુલ એકવીસ કેદી છે. તેમાંના અઢાર હીંદી છે અને બાકીના ચીના છે.

અઢાર હીંદીને પોતાના ખોરાકને સારૂ સવારે પુપુ મળે છે, બાકીનાને ખોરાકમાં ચાવલ તથા ઘી મળે છે, અને ત્રણ વખત બીનીસ, તથા ચાર વખત પુપુ મળે છે. શનીવારને દહાડે પટેટા અને રવીવારે લીલોતરી આપવામાં આવ્યાં હતાં. ધર્મના કારણને લીધે અમે કોઇ ગોસ ખાઇ શકતા નથી—કેટલાકને બીલકુલ ગોસ ખાવાની બંધી છે, અને કેટલાક હલાલ ગોસ નહિ હોવાથી ખાઇ શકતા નથી.

ચીનાઓને ચાવલને બદલે મકાઇ મળે છે.

બધા અરજદારને ઘણે ભાગે યુરોપીઅનોનો ખોરાક ખાવાની ટેવ છે; અને તેઓ રોટી તથા આટાની બીજી વસ્તુ ખાય છે.

અમારામાંના કોઇને પુપુ ખાવાની બીલકુલ ટેવ નથી [1] તેથી કેટલાકને અજીરણ થઇ આવ્યું છે.

અમારામાંના સાત જણે તો બીલકુલ સવારનો ખોરાક લીધોજ નથી. માત્ર કોઈ વખતે કેટલાક ચીના કેદીને રોટી મળતી હતી, તેમાંથી તેઓએ દયા ખાઇ એક બે ટુકડા આપેલા તે ખાધેલા હતા. આ હકીકત અમે ગવર્નરની આગળ રજુ કરી ત્યારે ગવર્નરે જણાવ્યું કે તમે ચીનાઓની પાસેથી રોટી લીધી તે ગુન્હો કર્યો કહેવાય.

અમારી સમજ પ્રમાણે ઉપરનો ખોરાક એ તદન અણઘટતો છે.

તેથી અમે અરજ કરીએ છીએ કે યુરોપીઅન ધારા પ્રમાણે પુપુ છોડીને અમને ખોરાક મળવો જોઇએ; અથવા તો એવી જાતનો ખોરાક મળવો જોઇએ કે જેથી કરીને અમારો નિભાવ થઇ શકે. જે ખોરાક અમને મળે તે ખોરાક અમને પડેલી ટેવ અને અમારા રીતરિવાજને અનુસરતો હોવો જોઇએ.

આ કામ ઘણું ઉતાવળનું છે તેથી અરજદારો અરજ ગુજારે છે કે જવાબ અમને તારથી મળવો જોઇએ."

ઉપર પ્રમાણે અરજીમાં અમે એકત્રીસ માણસે સહી કરેલી. સહી થયા બાદ અરજી જતી હતી તેવામાં બીજા ૭૬ હીંદી આવ્યા.

તેઓને પણ પુપુ તરફ તિરસ્કાર હતો. તેથી અરજીની નીચે એક કલમ નાખી કે ૭૬ માણસો આવ્યા છે અને તેઓને પણ ઉપરની હરકત નડે છે તેથી તુરત બંદોબસ્ત થવો જોઇએ. આ અરજી તારથી મોકલવા મેં ગવર્નરને વિનંતિ કરી. તેથી તેણે ટેલીફોનથી ડીરેક્ટરની પરવાનગી માગી ને તુરત પુપુને બદલે ચાર આઉંસ રોટીનો હુકમ કર્યો. લોકો બધા બહુ રાજી થયા. એટલે સવારના ૨૨ મી તારીખથી અમને ચાર આઉંસ રોટી મળતી અને સાંજના પણ પુપુને દહાડે રોટી મળતી. સાંજના આઠ આંઉસ એટલે અરધી રોટીનો હુકમ હતો. આ બંદોબસ્ત માત્ર બીજો હુકમ થતાં સુધીને સારૂંજ હતો. ગવર્નરે આ સવાલને સારૂ કમીટી બેસાડી હતી; અને છેવટે આટો, ઘી, ચાવલ, તથા દાળ એમ આપવાની વાત ચાલી રહી હતી. તેવામાં અમારો છુટકારો થયો એટલે વિશેષ કંઈ થયું નહિ.

પ્રથમ જ્યારે અમે આઠજ જણ હતા, ત્યારે અમે કોઇ રાંધતા નહીં. ચાવલ ઠીક નહિ બનતા; ને જ્યારે લીલોતરીની વારી આવી ત્યારે લીલોતરી ઘણીજ ખરાબ રંધાતી. તેથી અમે રાંધવાની પણ પરવાનગી મેળવી. પહેલે દહાડે મી. કડવા રસોઇ કરવા ગયા. ત્યાર બાદ મી. થંબી નાઇડુ તથા મી. જીવણ તે બે રસોઇ કરવા જતા. તેઓએ છેલ્લા દહાડાઓમાં રોજ દોઢસો માણસ જેટલાની રસોઇ કરેલી. રસોઇ કરવા એક વખત જવું પડતું. અઠવાડીઆમાં બે વખત લીલોતરીની વારી આવતી ત્યારે રોજ બે વખત જવું પડતું. મી. થંબી નાઇડુની મહેનત ઘણીજ સરસ હતી. બધાઓને વહેંચી આપવાનું કામ મારા હાથમાં હતું.

ઉપરની અરજીમાં વાંચનાર જોઇ શકશે કે હમ એવી આપી છે કે ખાસ અમારેજ જુદો ખોરાક જોઇએ છીએ એમ નથી, પણ હીંદી કેદી માત્રને સારૂ ફેરફાર થવો જોઇએ. ગવર્નરની સાથે વાત પણ એવાજ પ્રકારની થતી હતી અને ગવર્નરે કબુલ કરેલું. હજુ ઉમેદ રાખી શકાય છે કે જેલમાં હીંદી કેદીના ખોરાકનો સુધારો થઇ શકશે.

વળી ચીનાઓ ત્રણેનેજ અમારાથી જુદો ખોરાક ચાવલને બદલે મળતો હતો તેથી કચવાટ રહેતો. ચીનાઓને અમારાથી નોખા તથા હલકા ગણ્યા એમ આભાસ આવતો હતો. તેથી તેઓની વતી મેં ગવર્નરને તથા મી. પ્લેફર્ડને અરજી કરેલી. અને છેવટે હુકમ મળ્યો કે ચીનાઓને હીંદીના જેવોજ ખોરાક આપવો.

ખોરાક વિષે વિચાર કરતાં યુરોપીઅનોને શું મળે છે તેની સરખામણી કરવા જેવું છે. તેઓને સવારે નાસ્તામાં પુપુ તથા રોટી આઠ આઉંસ મળે છે. ખાણામાં પણ હમેશાં રોટી ને સૂપ, અથવા રોટીને ગોસ તથા પટેટા, અથવા લીલોતરી, તથા સાંજે હમેશાં રોટી તથા પુપુ. એટલે યુરોપીઅનને રોટી ત્રણ વખત મળે, તેથી પુપુ હોય યા ન હોય તેની દરકાર ન રહી. વળી ગોસ અથવા સૂપ હમેશાં મળે એટલે તે પણ તેને વધારામાં થયું. આ સિવાય ઘણી વેળા તેઓને ચા અથવા કોકો પણ મળે છે. આ જોતાં કાફરાઓને પોતાને રૂચતો, અને યુરોપીઅનને તેઓને રૂચતો ખોરાક મળ્યો. હીંદી બાપડા અધર લટક્યા. તેઓને પોતાનો ખોરાક નહિ. યુરોપીઅનનો ખોરાક અપાય તો ગોરા લજવાય. હીંદીનો પોતાનો ખોરાક શું છે તેનો વિચાર શા સારૂ કરે? એટલે તેઓને કાફરાઓની હારમાં મુકાઇ રીબાવુંજ રહ્યું.

આવું અંધેર આજ લગી નભી રહ્યું છે. તેમાં આપણા સત્યાગ્રહની હું ખામી ગણું છું. એક રકમના હીંદી કેદી તે ચોરીથી બીજો જોઇતો ખોરાક મંગાવીને ખાય. એટલે તેને ખોરાક બાબત ઈજા ભોગવવી પડે નહિ. બીજી રકમના હીંદી કેદી તે જે ખોરાક મળે તે ખાઇ શકે, અને પોતાની ઉપર પડેલાં દુઃખની કહાણી કહેતાં શરમાય અથવા તો બીજાને સારૂ કંઇ ચિંતા ન રાખે, તેથી બહારના અંધારામાં રહે. જો આપણે સત્યને વળગી રહીએ અને જ્યાં અન્યાય થાય ત્યાં ઉકળી રહીએ તો આવી ઇજા ઉપાડવી પડેજ નહિ. આપસ્વાર્થ છોડી પરમાર્થ ઉપર નજર રહે તો દરદના ઇલાજો તુરત મળી રહે છે.

પણ જેમ આવી જાતની ઇજાના ઇલાજ કરવાની જરૂર છે, તેમ બીજો વિચાર કરવાનીએ જરૂર છે. કેદી હોઇને કેટલાંક સંકટ સહન કરવાં ઘટે છે. જો કંઇ ઇજા ન હોય તો કેદી શાના? જેઓ પોતાના મનને મારી શકે છે તેઓ ઇજામાંજ સુખ માની જેલમાં લહેર કરી શકે છે. છતાં ઇજા છે તે વાત તેઓ ભુલતા નથી. તેઓએ બીજાને ખાતર ભુલવું પણ ન જોઇએ. વળી આપણે આપણા બધા રિવાજો એવી હઠથી પકડી રાખીએ છીએ કે તેમાં કંઇ ફેરફાર થવાની જરૂર છે. 'દેશ તેવો વેશ' એ કહેવત જગજાહેર છે. આપણે દક્ષિણ આફ્રિકામાં રહી અહીંનો સારો ખોરાક હોય તેની ટેવ પાડવી જોઇએ. પુપુ એ ઘઉંની જેમ સારો, સાદો અને સોંઘો ખોરાક છે. તેમાં સ્વાદ નથી એમ પણ નહિ કહેવાય. કેટલીક વેળા ઘઉંથી પુપુ ચઢી જાય છે. વળી મારા વિચાર પ્રમાણે તો જે દેશમાં આપણે રહેતા હોઇએ તે દેશના માનને ખાતર તેની જમીનમાં જે ખોરાક પેદા થતો હોય તે ખોરાક જો ખરાબ ન હોય તો લેવો ઘટે છે. ઘણા ગોરાઓ પોતાને પસંદ છે તેથી પુપુ હમેશાં સવારે ખાય છે. તેની સાથે દુધ અથવા શકર અથવા ઘી લેવાથી તે સ્વાદિષ્ટ બને છે. એટલે આવાં કારણોને લઇને તેમજ આપણે હજુ ફરી જેલમાં ઘણી વખત જવું પડશે, તેથી પણ પુપુ ખાવાની આદત દરેક હીંદીએ પાડવાની જરૂર છે. એમ આપણે કરશું તો જ્યારે પુપુ માત્ર નિમકની સાથે ખાવાનો વખત આવશે ત્યારે બહુ કહેડું નહિ જણાય. આપણી કેટલીક આદતો દેશના ભલાને સારૂં આપણે છોડ્યા વિના છુટકોજ નથી. જે જે પ્રજાઓ આગળ વધી છે તે તે પ્રજાએ જેમાં મુદ્દાની વાત નથી તેમાં જતું કર્યું છે. મુક્તિફોજ વાળા તો જે દેશમાં જાય તે દેશના ખરાબ ન હોય તેવા રિવાજો, પોષાક વિગેરે ધારણ કરી લોકોનાં મન હરી લે છે.

દરદીઓ.

અમે દોઢસો જેલીમાંથી એક પણ માંદગી નહિ ભોગવત તો

બહુ તાજુબી ગણાત. પ્રથમ દરદીમાં મી. સમુંદરખાન હતા. તેને તો જેલમાં આવ્યા ત્યારેજ દરદ હતું તેથી તેને આવ્યા પછી બીજેજ દિવસે ઇસ્પીતાલમાં લઇ ગએલ. મી. કડવાને સંધીવાની બીમારી હતી. કેટલાક દહાડા તો કેદખાનામાંજ મલમ વિગેરે દવા ડાકટર પાસેથી લીધી. પણ પાછળથી તે પણ ઇસ્પીતાલમાં ગયા. બીજા બે કેદીને ચકરી આવવાથી ઇસ્પીતાલમાં લઈ ગએલા. હવા ઘણી ગરમ હોવાથી, અને કેદીઓને બહાર તડકામાં રહેવું પડતું તેથી કોઇ કોઇને ચકરી આવી જતી. તેઓની સારવાર જેટલી બને તેટલી થતી. છેલ્લા દિવસોમાં મી. નવાબખાન પણ માંદા પડી ગયા હતા, અને છુટવાને દહાડે તેને હાથે દોરવા પડયા હતા. ડાકટરે તેને દુધ વિગેરે આપવાનો હુકમ કર્યા બાદ તેની તબીયત કંઇક ઠીક થઇ. છતાં એકંદરે સત્યાગ્રહી કેદીઓની તબીયત ઠીક રહેતી હતી એમ કહી શકાય.

જગાની તંગી.

હું આગળ કહી ગયો છું કે જે કોટડીમાં અમને પુરવામાં આવતા હતા તે કોટડીમાં માત્ર એકાવન કેદી રહી શકે તેટલો માર્ગ હતો. ફળીયું પણ તેટલાજ કેદીને સારૂં હતું. છેવટે જ્યારે એકાવનને બદલે એકસો એકાવન કરતાં વધારે કેદી થયા ત્યારે બહુ મુસ્કેલી આવી પડી. ગવર્નરે તંબુ બહાર નખાવ્યા અને ત્યાં ઘણાને લઈ જવામાં આવતા હતા. છેવટના દિવસમાં એક સો કેદી બહાર સુવા જતા. પણ તેઓને સવારના પાછા લાવતા. એટલે ફળીયું તો એકદમ સાંકડું પડયું. તેટલી જગ્યામાં બહુ મુસ્કેલીથી કેદીઓ રહી શકતા હતા. તેમાં વળી જ્યારે આપણી કુટેવ પ્રમાણે આપણે જ્યાં ત્યાં થુંકીએ ત્યારે જગ્યા બહુ ગંદી થવાનો અને પછી મંદવાડ લાગુ પડવાનો સંભવ હતો. સારે નશીબે લોકોને સમજાવતાં તેઓ માનતા, અને ફળીયું સાફ રાખવામાં મદદ કરતા. ઘણીજ કાળજી ફળીયું તથા જાજરૂ તપાસવામાં રખાતી હતી તેથીજ લોકો માંદગીમાંથી બચી

શકેલા. આટલા કેદીઓને એવી સાંકડમાં રાખ્યા તેમાં સરકાર ગુન્હે-
ગાર છે એમ સહુ કોઈ કબુલ કરશે. જો જગોની તંગી હતી તો
સરકારને લાજમ હતું કે એટલા કેદીને નહિ મોકલવા જોઈતા હતા.
જો લડત લાંબી ચાલી હત તો સરકાર કદી વધારે કેદીનો સમાવેશ
નહી કરી શકત.

વાંચન.

હું અગાઉ જણાવી ગયો છું કે જેલમાં અમને ટેબલ મળવાની ગવરનરે રજા આપી હતી. સાથે ખડીઓ કલમ વિગેરે પણ આપ્યાં હતાં. જેલને લગતી લાયબ્રેરી છે તેમાંથી કેદીઓને ચોપડીઓ મળે છે. તેમાંથી મેં કારલાઇલનાં પુસ્તક તથા બાઇબલ લીધાં હતાં. ચીનો ઇન્ટરપ્રીટર આવતો તેની આગળથી અંગ્રેજી કુરાન શરીફ, હકસ-લીનાં ભાષણો, બર્ન્સ, જોનસન અને સ્કૉટની જીંદગીનાં કારલાયલે લખેલાં વૃત્તાંત તથા બેકનના નીતિ વિષેના નિબંધો એટલાં પુસ્તક લીધાં હતાં. મારી પોતાની ચોપડીઓમાંથી મણીલાલ નભુભાઇની ટીકાવાળું ગીતાજી, તામીલ પુસ્તકો, મોલવી સાહેબે આપેલ ઉરદુ કિતાબ, ટોલસ્ટોઇનાં લખાણ, રસકીન તથા સોક્રેટીસનાં લખાણ એવાં પુસ્તકો હતાં. આમાંનાં ઘણાંખરાં પુસ્તકો જેલમાં મેં વાંચ્યાં અથવા ફરી વાંચ્યાં. તામીલ અભ્યાસ નીયમસર કરતો હતો. સવા-રમાં ગીતાજી, ને બપોરે ઘણે ભાગે કંઇ કુરાન શરીફમાંથી વાંચતો. સાંજે મી. ફોરટુનને બાઇબલ શીખવતો. મી. ફોરટુન પોતે ચીનાઇ ખ્રીસ્તી છે. તેનો અંગ્રેજી ભણવાનો ઇરાદો થવાથી તેને બાઇબલ વાટે અંગ્રેજી શીખવતો. બે માસ પૂરી જેલ ભોગવવાનું બન્યું હત તો કારલાઇલના એક પુસ્તકનો તથા રસકીનના પુસ્તકનો તરજુમો પુરો કરવાની ઉમેદ હતી: હું માનું છું કે ઉપરનાં પુસ્તકોમાં હું ગીર-ફતાર રહી શકતો હતો. તેથી મને બે માસથી વધારે જેલ મળત તો પણ હું કાયર નહિ થાત એટલુંજ નહિ પણ મારા ગ્નાનમાં હું

ઉપયોગી વધારો કરી શકત. એટલે સમુળગો સુખ ચેનમાં રહેત. વળી હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે તે ગમે તે જગ્યાએ એકાંત સહેલાઇથી વેઠી શકે છે.

મારા સિવાય જેલી બાઇબિંધોમાં વાંચનારા મી. સી. એમ. પીલે, મી. નાઇડુ તથા ચીનાઓ હતા. બંને નાઇડુએ ગુજરાતી શીખવાનું શરૂ કર્યું હતું. છેવટના ભાગમાં કેટલીક ગુજરાતી ગાયનોની ચોપડી આવી હતી તે ઘણા જણ વાંચતા હતા. પણ આને હું વાંચન ગણતો નથી.

કવાયત.

જેલમાં વાંચવામાં આખો દિવસ નહિ ગાળી શકાય. અને તેમ બને તોપણ તે અંતે નુકશાનકારક નીવડે એમ જાણમાં હતું. તેથી મહા મુસીબતે દરોગાની પાસેથી કસરતી કવાયત શીખવાની પરવાનગી ગવર્નર પાસેથી લીધી. દરોગો બહુ ભલો હોવાથી અમને ઘણી ખુશીથી સાંજ સવાર કવાયત આપતો. તે ઘણીજ ફાયદાકારક હતી. લાંબી મુદત તે કવાયત ચાલુ રહી શકત તો અમને બધાને બહુ ફાયદો થાત. પણ જ્યારે ઘણા હીંદી એકઠા થયા ત્યારે દરોગાનું કામ વધ્યું ને ફળીયું સાંકડું પડયું. આવાં કારણોથી કવાયત બંધ રહી. તોપણ મી. નવાબખાન સાથે હતા એટલે તેની મારફતે થોડી ઘણી પણ ઘરઘરાઉ કવાયત ચાલતી હતી.

વળી ગવર્નરની પરવાનગી મેળવીને અમે સીવવાના સંચાનો ઉપયોગ કરવાનું કામ પણ લીધું હતું. તેમાં કેદીઓનાં પાકીટ કરવાનું શીખતા હતા. મી. ટી. નાયડુ તથા મી. ઇસ્ટન આવા કામમાં હોશીઆર હોવાથી તેણે તો તુરત શીખી લીધું. મને ઘડ બેસતાં વખત ગયો. હજુ પુરૂં શીખાયું નહિ તેવામાં કેદીઓ એકદમ વધી પડયા એટલે તે કામ અધુરૂં રહ્યું. આ ઉપરથી વાંચનાર જોઇ શકે છે કે

માણસની ઇચ્છા હોય તો તે જંગલમાં મંગળ કરી શકે છે. આમ એક પછી એક એમ કામ શોધીને કર્યાં કરત તો કોઈ કેદીને જેલનો વખત ભારે નહિ લાગત; પણ તે પોતાના જ્ઞાનમાં ને શક્તિમાં વધારો કરીને બહાર નીકળત. એવા દાખલા જોવામાં આવ્યા છે કે કેદમાં સારી નિયતવાળા માણસોએ બહુ ભારે કામો પણ કર્યા છે. જૉન બનીયને કેદમાં અતિ દુઃખો વેઠીને દુનિઆમાં અમર થએલું 'પીલગ્રીમ્સ પ્રોગ્રેસ' નામનું પુસ્તક લખ્યું. તે પુસ્તક અંગ્રેજો બાઇબિલથી બીજે દરજ્જે ગણે છે. મી. ટિળકે મુંબઇની જેલમાં નવ માસમાં પોતાનું 'ઓરાયન' નામનું પુસ્તક લખ્યું. એટલે જેલમાં કે બીજી જગ્યોએ સુખ પામીએ કે દુઃખ, સારા થઇએ કે નઠારા, તેનો આધાર ઘણે ભાગે આપણા પોતાના મન ઉપર રહે છે.

મુલાકાત.

જેલમાં અમને મળવાને કેટલાક અંગ્રેજો આવતા. સાધારણ નિયમ એવો છે કે એક મહિનાથી અંદર કોઇપણ કેદીની મુલાકાતે કોઈ આવી શકે નહિ. ત્યાર પછી દર માસે એક રવિવારે એક જણને મળવાની છુટ આપવામાં આવે છે. આ નિયમમાં ખાસ કારણસર ફેરફાર કરવામાં આવે છે. એવા ફેરફારનો લાભ મી. ફીલીપ્સે લીધો. અમે જેલ પહોંચ્યા તેને બીજેજ દહાડે મી. ફોરટુન જે ખ્રીસ્તી ચીના છે તેને કેદમાં મળવા સારૂં મી. ફીલીપ્સે પરવાનગી મેળવી અને તે તેને મળી. મી. ફોરટુનને મળતાં તેઓ સાહેબ અમને બીજા કેદીઓને પણ મળ્યા. અમને બધાને હીંમતનાં વેણ સંભળાવ્યાં ને પછી તેમના રિવાજ પ્રમાણે ખુદાની બંદગી કરી. મી. ફીલીપ્સ આમ ત્રણ વખત મળી ગએલા. તેજ મુજબ મી. ડેવીસ કરીને બીજા પાદરી છે તે પણ મળી ગયા.

મી. પોલાક તથા મી. કોઅન ખાસ રજા મેળવીને એક વખત મળવા આવ્યા હતા. તેને તો માત્ર ઓફીસના કામ બાબત આવ-

વાની પરવાનગી હતી. આમ જેઓ મળવા આવે તેની સાથે હમેશાં દરોગો હોય છે ને જે વાત થાય તે તેની સમક્ષજ કરી શકાય.

મી. કાર્ટરાઇટ 'ટ્રાન્સવાલ લીડર' ના અધિપતિ ખાસ પરવાનગી મેળવી ત્રણ વખત મળી ગયા. તેઓ સાહેબ સુલેહ કરાવવાના હેતુથીજ આવતા એટલે તેને ખાનગીમાં (દરોગાની ગેરહાજરીમાં) મળવાની પરવાનગી હતી. હીંદી કોમ શું કબુલ કરશે એનો વિચાર તેઓ સાહેબ પહેલી મુલાકાતે કરી ગયા હતા. બીજી મુલાકાતે તેમણે તથા બીજા અંગ્રેજ આગેવાનોએ ઘડેલ કાગળ લઇને તેઓ આવ્યા. તે કાગળમાં કેટલાક ફેરફાર કર્યા પછી મી. ક્વીને, મી. નાઇડુએ તથા મેં સહી કરી. આ કાગળ અને સમાધાની વિષે 'ઓપિનિઅન' માં બીજી જગ્યાએ બહુ લખાઈ ગયું છે એટલે અહીં વધારે લખવાની જરૂર નથી.

ચીફ માજીસ્ત્રેટ મી. પ્લેફરડ પણ એક વખત મળવા આવેલા. તેને તો હમેશાં મળવાનો હક છે. અને તે કંઈ ખાસ અમનેજ મળવા આવેલા એમ ન ગણાય છતાં અમે બધા કેદમાં હતા તેથી ખસુસ વખત રોકી આવેલા એમ કહેવાય છે.

ધર્મનો અભ્યાસ.

કેદીઓને ધર્મનો અભ્યાસ મળવો જોઇએ એમ આ જમાનામાં પશ્ચિમના મુલકમાં બધી જગ્યોએ રિવાજ જોવામાં આવે છે. તેથી જોહાન્સબર્ગની જેલમાં કેદીઓને સારૂ ખાસ દેવળ છે. આ દેવળ ખ્રીસ્તીઓનેજ સારૂ છે. દેવળમાં માત્ર ગોરા કેદીઓનેજ જવા આપે છે. મેં મી. ફોરટુન તથા મારે સારૂ ખાસ માગણી કરી, પણ ગવર્નરે જણાવ્યું કે તે દેવળમાં માત્ર ગોરા ખ્રીસ્તી કેદીઓજ જઇ શકે. દરેક રવિવારે આ દેવળમાં ગોરા કેદીઓ જાય છે ને ત્યાં જુદા જુદા પાદરીઓ ધર્મનું શિક્ષણ આપે છે.

કાફરાઓને સારૂ પણ ખાસ પરવાનગી લઇ કેટલાક પાદરીઓ આવે છે. કાફરાઓને સારૂ દેવળ નથી. તેથી તેઓ જેલના મેદાનમાં બેસે છે.

યાહુદીઓને સારૂ તેઓના પાદરી આવે છે.

પણ હીંદુ મુસલમાનને સારૂં તેવું કંઇજ નથી. હકીકતમાં હીંદી કેદી ઘણા હોતા નથી. છતાં ધર્મને સારૂ કેદમાં કશું સાધન નથી એ હીંદી કોમને હીણપત લગાડનારૂં છે. આ બાબત બંને કોમના આગેવાનોએ વિચાર કરી બંને ધર્મનું શિક્ષણ એક હીંદી કેદી હોય તેને પણ આપવા વિચાર કરવો ઘટે છે. આવું કામ કરવાને મોલવી તથા હીંદુ ધર્મગુરૂ સ્વચ્છ દીલના હોવા જોઇએ. નહિ તો શિક્ષણ તે શુળરૂપ થઈ પડવાનો સંભવ છે.

અંત.

ખરૂં ખરૂં જે જાણવા જેવું હતું તેનો સમાવેશ ઉપરનામાં થઇ જાય છે. કેદમાં કાફરાઓની સાથે હીંદીની ગણત્રી થાય છે તેને વિષે વધારે વિચાર કરવો ઘટે છે. ગોરા કેદીઓને સુવાને ખાટલી મળે છે. દાંત સાફ કરવાને દાતણ, તથા નાક મોઢું સાફ કરવાને ટુવાલ ઉપરાંત રૂમાલ મળે છે. આ બધું હીંદી કેદીને કેમ ન મળે એ તપાસવા જેવું છે.

આવી બાબતમાં આપણે ક્યાં પડીએ એમ કોઇએ ધારવાનું નથી. ટીપે ટીપે સરોવર ભરાય એ કહેવત પ્રમાણે ઝીણી બાબતો વડેજ આપણું માન વધે અથવા જાય. જેનું માન નથી, તેનો ધર્મ નથી એવું આપણે અરબી જ્ઞાનના પુસ્તકમાં વાંચી ગયા. પ્રજાઓ મોટી થઇ છે તે ધીમે ધીમે પોતાનું માન જાળવીને થઈ છે. માન એટલે ઉછાંછળાપણું નહિ, પણ ડરથી કે આળસથી જે આપણને ઘટે છે તે જવા નહિ દેવું એની મનની સ્થિતિ અને તે પ્રમાણેનું આચરણ એ ખરૂં માન છે. આવું માન તેજ માણસ જોઇ શકે છે કે જેનો ખરો વિશ્વાસ—આધાર ખુદા—ઇશ્વર ઉપર છે. મારો ચોક્કસ અભિપ્રાય છે કે હરકોઇ કાર્યમાં ખરૂં જાણવું ને ખરૂં કરવું એવો ગુણ જે માણસને ખરી શ્રદ્ધા નથી તેને હોઇ શકતો નથી.

જેલનો બીજો અનુભવ.

પ્રાસ્તાવિક.

મને જાનેવારીમાં જેલનો જે અનુભવ થયો તેના કરતાં આ વખતનો અનુભવ વધારે સરસ થએલો સમજું છું. તેમાંથી મને તો ઘણુંજ શિખવાનું મળ્યું છે અને હું માનું છું કે બીજા હીંદીને તે લાભ કરતા થઈ પડશે.

સત્યાગ્રહની લડત ઘણી રીતે લડી શકાય છે. પણ રાજ્ય પ્રકરણી દુઃખોને ટાળવાનો મોટો ઉપાય જેલ વાટે જોવામાં આવે છે. આપણે વખતો વખત જેલ જવું પડશે એમ હું માનું છું. અને તે કંઇ હાલની ચાલતી લડતનેજ વાસ્તે નહીં પણ બીજી જે ઇજાઓ પડશે તેને સારૂ પણ તેજ ઇલાજ છે. તેથી જેલને વિષે જેટલું જાણવા જેવું હોય તે જાણી લેવું એ હીંદીની ફરજ છે.

પકડાયો.

જ્યારે મી. સોરાબજી જેલમાં ગયા ત્યારે મેં ઇચ્છેલું કે હું તેમની પાછળ પહોંચું તો ઠીક અથવા તો તેમના છુટવા પહેલા લડત પુરી થાય. મારી આશા ભંગ થઇ. તેજ ઇચ્છા પાછી જ્યારે નાતાલના બહાદુર આગેવાનો જેલ ગયા ત્યારે પ્રબળ થઇ અને પાર પડી. ડરબનથી પાછો ફરતાં તા. ૭ મી અકટોબરે મને વોકસરસ્ટ સ્ટેશન ઉપર પકડવામાં આવ્યો કેમકે મારી પાસે મરજીયાત સર્ટીફીકેટ ન હતું અને મેં આંગળાં આપવાની ના પાડી હતી.

ડરબન જવાનો હેતુ નાતાલથી ભણેલા હીંદી તથા જેઓ ટ્રાન્સવાલના જુના રહેવાસી હીંદી હતા તેમને લઇ આવવાનો હતો. ઉમેદ એવી હતી કે નાતાલના આગેવાનોની પાછળ ઘણાજ હીંદી

નાતાલથી આવવા તઇયાર થશે. સરકારને પણ એમજ લાગ્યું તેથી વોકસરસ્ટની જેલમાં સો કરતાં વધારે હીંદીને સારૂ સગવડ કરવા જેલરને હુકમ મળ્યો હતો. અને પ્રીટોરીઓથી તંબુઓ, કમલી, વાસણ વિગેરે મોકલવામાં આવ્યા હતા. જ્યારે વોકસરસ્ટ કેટલાક હીંદીઓની સાથે હું ઉતર્યો ત્યારે પોલીસ પણ પુષ્કળ હતા. પણ બધો પ્રયાસ વ્યાર્થ ગયો. જેલર અને પોલીસ નિરાશ થયા. કેમકે ડરબનથી મારી સાથે બહુજ થોડા હીંદી નીકળ્યા. એજ ગાડીમાં માત્ર છ હતા. ને તેજ દિવસની બીજી ગાડીમાં ડરબનથી આઠ નિકળ્યા એટલે બધા મળીને ચૌદજ હીંદી આવ્યા. અમને બધાને પકડયા ને જેલમાં લઇ ગયા. બીજે દિવસે માજીસ્ટ્રેટ પાસે ઉભા રાખ્યા પણ કેસ સાત દિવસ સારૂ મુલત્વી રહ્યો. બેઇલ (જામીન) ઉપર અમે છુટવાની ના પાડી. બે દિવસ પછી મી. માવજી કરસનજી કોઠારી જે પોતાને હરસની બીમારી છતાં આવ્યા હતા તેને બીમારી વધવાથી ને વોકસરસ્ટમાં પીકેટની જરૂર હોવાથી તેને બેઇલ ઉપર કહાડવામાં આવ્યા હતા.

જેલની સ્થિતિ.

અમે જેલમાં પહોંચ્યા ત્યારે મી. દાઉદ મહમદ, મી. રૂસ્તમજી, મી. આંગલીઆ જેનાથી લડતનો બીજો ભાગ શરૂ થયો તે, મી. સોરાબજી અડાજણીઆ તથા બીજા હીંદી ભાઇઓ પચીસ સુધી હતા. રમજાન મહિનો ચાલતો હતો તેથી મુસલમાન ભાઇઓ રોજા રાખતા હતા. તેમને ખાસ પરવાનગીથી સાંજના મી. ઇસિપ સુલેમાન કાજી તરફથી ખાવાનું આવતું હતું. તેથી રોજા બરાબર રાખી શકતા હતા. જો કે બહારની જેલોમાં બત્તીની સગવડ નથી હોતી છતાં રમજાનને લીધે બત્તી તેમજ ઘડીઆળ રાખવાનો હુકમ આપવામાં આવ્યો હતો. સહુ મી. આંગલીઆની પાછળ નીમાજ પઢતા હતા. રોજાવાળાઓને પહેલા દિવસોમાં કામ સખત આપેલું પણ પાછળથી તેઓને સખત મજુરીનું કામ સોંપવામાં નહિ આવતું.

બાકીના જે હીંદી કેદી રહેલા તેઓને સારૂ આપણાજ જણને રસોઈ કરવાની રજા હતી તેથી રસોઇ કરવામાં મી. ઉમીયાશંકર શેલત તથા મી. સુરેંદ્રરાય મેઢ અને પાછળથી જ્યારે કેદીઓ વધ્યા ત્યારે મી. જોશી જોડાયા હતા. જ્યારે આ ભાઇઓને દેશપાર કર્યા ત્યારે બીજા રસોઇમાં મી. રતનસી સોઢા, મી. રાઘવજી તથા મી. ભાવજી કોઠારી હતા. ત્યારબાદ વળી જ્યારે ઘણાજ માણસો થયા ત્યારે તેમાં મી. લાલભાઈ તથા મી. ઉમર ઓસમાન જોડાએલા. આ રસોઇ કરનારને સવારમાં બે વાગે યા ત્રણ વાગે ઉઠવું પડતું અને સાંજના પાંચથી છ વાગ્યા સુધી તેમાં ગુંથાવું પડતું. જ્યારે ઘણા કેદીઓને છોડવામાં આવ્યા ત્યારે રસોઇનો કારભાર મી. મુસા ઇસાકજી તથા ઇમામ સાહેબ મી. બાવાઝીરે લીધો. આમ જે હીંદીએ હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના પ્રમુખ તથા વેપારી જેમાંના કોઇએ કદી રસોઈ ખરૂં જોતાં નહીં કરેલી તેના હાથની રસોઈ ખાધી તેનાં સારાં નસીબ સમજું છું. જ્યારે ઇમામ સાહેબ અને તેમની સાથેના છુટયા ત્યારે રસોઇનો વારસો મને ઉતર્યો. મને કંઇક અનુભવ હોવાથી જરાએ અગવડ નહીં આવેલી. ચાર દિવસજ મારે ભાગે તે કામ રહ્યું. હવે (એટલે આ લખતી વેળા સુધી) તે કામ મી. હરીલાલ ગાંધી કરે છે. અમે જેલમાં દાખલ થયા ત્યારે રસોઇ કોણ કરતું હતું તે બાબત ઉપરના મથાળા નીચે નથી આવતી છતાં સગવડને સારૂ આપું છું.

અમે જેલમાં દાખલ થયા ત્યારે સુવાની ત્રણ કોટડીઓ હતી તેમાં હીંદીઓનો સમાવેશ કર્યો હતો. આ જેલમાં હીંદી ને કાફરા જેલીઓને અલગજ રાખવામાં આવતા હતા.

જેલની ગોઠવણી.

મરદોની જેલના બે વિભાગ છે. એક યુરોપિઅનને સારૂ, અને બીજો કાફરાઓ સારૂ કે જેમાં બીજા બિન સફેદ (ગોરા નહિ એવા)

માણસોનો સમાસ થાય છે. એટલે જો કે હીંદીને કાફરના વિભાગમાં રાખી શકતા હતા છતાં જેલરે તેમને સારૂ સગવડ ગોરાના વિભાગમાં કરી હતી. કેદીઓને સારૂ નાની કોટડીઓ હોય છે. અને દરેક કોટડીમાં દશ પંદર કે વધારે કેદીનો સમાસ થાય એવી ગોઠવણી હોય છે. કેદખાનું બધું પથ્થરનું ચણેલું છે. કોટડી ઉંચી છે. ભીંતો પલાસ્ટર કરેલી છે અને ભોંય હમેશાં ધોવામાં આવે છે એટલે ઘણીજ સાફ રહે છે. ભીંતોને પણ ઘણી વેળા ચુનો લગાડવામાં આવે છે તેથી હમેશાં નવા જેવી લાગે છે. આંગણું કાળા પથ્થરથી બાંધેલું છે અને હમેશાં ધોવાય છે. તેમાં ત્રણ જણ એક સાથે ન્હાઇ શકે એવી ઝરાની ગોઠવણ છે. એ જાજરૂ છે. અને બેસવાના બાંકડા છે. ઉપર કાંટાવાળા વાળાની જાળી જડેલી છે. તે કેદીઓ દીવાલ ઉપર ચઢી નાસી જાય તેનો અટકાવ થવા સારૂ છે. દરેક કોટડીમાં અજવાળું તથા હવા ઠીક આવી શકે છે. તેમાં કેદીઓને છ વાગે સાંજના પૂરે છે. અને છ વાગે સવારના ઉઘાડે છે. કોટડી બહાર રાતના તાળું મારી જાય છે એટલે કોઇને કુદરતી હાજત થાય તો તે કોટડીની બહાર જઈ શકતા નથી. તેથી કોટડીમાંજ હાજત જવાનાં જંતુ નાશક પાણીથી ભરેલાં વાસણ હમેશાં મુકવામાં આવે છે.

ખોરાક.

હું જ્યારે વોકસરસ્ટની જેલમાં ગયો ત્યારે ત્યાં હીંદી જેલીઓને સવારના પુપુ અને બપોરે તથા સાંજે ચાવલ અને કંઇક તરકારી મળતાં હતાં. તરકારીમાં મુખ્ય ભાગે પટેટાંજ હતાં. ઘી બીલકુલ નહોતું મળતું. જેઓ કાચી જેલમાં હતા તેઓને ઉપરના ખોરાક ઉપરાંત સવારના પુપુની સાથે એક આઉંસ ચીની અને બપોરના અરધો રતલ રોટી મળતાં હતાં. રોટી તથા ચીનીમાંથી કેટલાક કાચી જેલવાળા પાકી જેલવાળાને થોડાં આપતાં. કેદીઓને બે દહાડા માંસ મળવાનો હક હતો પણ હીંદુ અથવા તો મુસલમાનને તે માંસ ખપતું હોવાથી તેની અવેજીમાં બીજું કંઇ મળવું જોઇતું હતું.

તેથી અમે બધાએ અરજી કરી અને તેને પરિણામે એક આઉંસ ઘી અને માંસને દહાડે તેની અવેજીમાં અરધો રતલ વાલ મળવાનો હુકમ થયો. વળી જેલની વાડીમાં તાંદળજાની ભાજી આપે ઉગતી હતી, તે તોડવા આપતા હતા. અને વખતો વખત પ્યાજ પણ વાડીમાંથી લેવાની પરવાનગી હતી. એટલે ઘી અને વાલનો હુકમ મળવા બાદ ખોરાક વિષે બહુ કહેવા જેવું ન કહેવાય. જોહાન્સબર્ગ-ની જેલમાં ખોરાક કંઇક જુદો છે. ત્યાં ચાવલની સાથે માત્ર ઘી મળે છે, તરકારી નથી મળતી. સાંજના બે દિવસ લીલોતરી અને પુપુ મળે છે. ત્રણ દિવસ વાલ અને એક દિવસ પટેટાં અને પુપુ મળે છે.

આ ખોરાક જોકે આપણી રૂઢી પ્રમાણે બરોબર ન ગણાય તોપણ સાધારણ રીતે ખરાબ ન કહેવાય. ઘણા હીંદીને પુપુની ઉપર તિરસ્કાર છે ને તેથી જાણી જોઇને તે ખાતા નથી. પણ આ હું તો મોટી ભુલ ગણું છું. પુપુ એ મીઠો અને જોરાવર ખોરાક છે. આ દેશમાં તે ઘઉંની જગ્યા લઈ શકે છે. તેમાં જો શકર મળે તો બહુ સ્વાદિષ્ટ લાગે છે. પણ શકર ન હોય છતાં ભૂખ લાગી હોય ત્યારે મીઠું લાગે છે. એ ખાવાની ટેવ પડી જાય તો ઉપરના ખોરાકમાં માણસ ભુખે ન મરે તેટલુંજ નહીં પણ તેથી શરીરને મજબુતી મળે એવો તે ખોરાક થઇ પડે. તેમાં કેટલોક ફેરફાર કરાવાય તો તદન સંપૂર્ણ ખોરાક થાય. પણ દુઃખની વાત એ છે કે આપણે એવા સ્વાદીઆ થઇ પડયા છીએ અને આપણી ટેવો એવી પંપાળી છે કે આપણને મહાવરા મુજબ ખોરાક ન મળે તો આપણો મીજાજ જતો રહે છે. આવો અનુભવ મને વોકસરસ્ટમાં થયો ને તેથી હું બહુ દુઃખી થતો. ખોરાકનો કચવાટ હમેશાં ચાલતો અને ખોરાક એજ જીવન હોય નહીં અથવા તો ખાવાનેજ સારૂ આપણે જીવતા હોઇયે નહીં તેમ કકળાટ ઘણી વેળા થતો. આ પ્રમાણે કરવું સત્યા-ગ્રહીને ન ઘટે. ખોરાકમાં ફેરફાર કરવાની તજવીજ કરવી એ આપણું

કામ છે પણ ફેરફાર ન થાય તો જે મળતો હોય તેથી સંતોષ માની સરકારને બતાવી આપવું કે આપણે તેથી હારવાના નથી એ પણ આપણી ફરજ છે. કેટલાક હીંદી માત્ર ખોરાકની અગવડને લીધે જેલનો ડર રાખે છે તેમણે વિચારપુર્વક ખોરાકને વિષે જે લાલસા બંધાઈ હોય એ છોડવી ઘટે છે.

પાકી જેલ મળી.

હું ઉપર કહી ગયો તે મુજબ અમારો બધાનો કેસ સાત દિવસને સારૂ મુલત્વી રહેલો. એટલે ચૌદમી અકટોબરે કેસ ચાલ્યો. તે વેળા બીજા હીંદીઓને એક માસની ને કેટલાકને છ અઠવાડીઆની સખ્ત મજુરી સાથની જેલ મળી. એક બાળક છોકરો જે અગીયાર વરસનો હતો તેને ૧૪ દિવસની આસાન કેદ મળી. મારી ઉપરથી કેસ ખેંચી લેશે એવી મને ધાસ્તિ લાગવાથી હું પીડાતો હતો. બીજાના કેસો થઇ રહ્યા પછી માજીસ્ટ્રેટે થોડી વખત કેસ મુલત્વી રાખ્યા એટલે હું વધારે ગભરાયો. પહેલાં તો ચર્ચા એવી ચાલતી હતી કે મારી ઉપર રજીસ્ટર નહીં બતાવવાનું અને અંગુઠા નહીં આપવાનું તહોમત આવશે એટલુંજ નહીં પણ બીજા વગર હકના હીંદીને ટ્રાન્સવાલમાં દાખલ કરવાનું તહોમત મુકવામાં આવશે. મનમાં હું વિચારો ઘોળ્યા કરતો હતો તેટલામાં માજીસ્ટ્રેટ પાછા કચેરીમાં આવ્યા ને મારા કેસનો પોકાર થયો, અને મને પાઉન્ડ ૨૫ નો દંડ અથવા તો બે માસની સખત મજુરીની સજા એમ મળ્યાં. આથી હું બહુ રાજી થયો અને બીજા ભાઇઓની સાથે કેદમાં રહેવાનું મને મળ્યું એમ માની મને સુભાગી સમજવા લાગ્યો.

કપડાં.

જેલ મળ્યા બાદ અમને જેલી કપડાં મળ્યા. ' તેમાં એક ટુંકી મજબુત ઇજાર, ખાદીનું ખમીસ, તેની ઉપર એક પહેરણ એક ટોપી, એક હુવાલ, મોજાં અને સેંડલ મળ્યાં. આ કપડાં મને લાગે છે કે

કામ કરવાને સારૂ બહુ સગવડ ભરેલાં છે. ટકાઉ અને સારાં છે. આવાં કપડાંની સામે આપણને કંઇ કહેવા જેવું રહે નહિ. એવાં કપડાં હમેશાં પહેરવાં પડે તોપણ તેથી કાયર થવા જેવું નથી. ગોરાઓને કપડાં કંઇક જુદી રકમનાં મળે છે. તેઓને પડઘીવાળી ટોપી મળે છે. મોજાં ગોઠણ સુધી પહોંચે તેવાં તથા બે ટુવાલ ઉપરાંત રૂમાલ મળે છે. હીંદીને પણ રૂમાલ આપવાની જરૂર જણાય છે.

કામ.

સખત મજુરીવાળા કેદી પાસેથી સરકારને નવ કલાક દરરોજ કામ લેવાનો હક છે. કેદીઓને હમેશાં છ વાગે કોટડીમાં પુરવામાં આવે છે. સવારના સાડા પાંચ વાગે ઉઠવાનો ઘંટ વાગે છે ને છ વાગે કોટડીના દરવાજા ઉઘાડે છે. કોટડીમાં જતી વખતે અને કોટડીમાંથી કહાડતી વેળા કેદીઓની ગણત્રી કરવામાં આવે છે. તે ગણત્રી નિયમસર ને ઝપાટાબંધ થઈ શકે તેવા હેતુથી દરેક કેદીને પોતાની પથારીની પાસે ધ્યાનપુર્વક ઉભવાનો હુકમ હોય છે. દરેક કેદીએ પોતાની પથારી સંકેલી ઠેકાણે મુકી હાથ મોં ધોઇ છ વાગતા પહેલાં તઇયાર થઇ રહેવું જોઇએ. અને સાત વાગે કામે ચડવાનું થાય છે. કામ કરવાનું ઘણી જાતનું હોય છે. પહેલે દહાડે અમને સરીયામ રસ્તા પાસે ખુલી જમીન હતી તે વાવેતર સારૂ ખોદવા લઇ ગયા હતા. તેમાં લગભગ ૩૦ હીંદીને લઈ ગયા હતા. તેથી કામ ન થઇ શકે એવા હોય તેને જવાની ફરજ નહતી. અમને કાફરાઓની સાથે લઇ ગયા હતા. જમીન ઘણી કઠણ હતી. અને તે કોદાળીવતી ખોદવાની હતી. તેથી કામ સખત હતું, તાપ ઘણો પડતો હતો. કામ કરવાની જગ્યા લગભગ દોઢ માઇલ છેટી જેલથી હોવી જોઇએ. બધા હીંદી કામ ઝપાટા બંધ કરવા લાગ્યા. પણ ટેવાએલા થોડાજ હતા, તેથી સહુને થાક ખુબ લાગ્યો. આમાં બાબુ તાલેવંતસીંગના બાળક રવિકૃષ્ણ પણ હતા. તેને કામ કરતા જોઇ હું બહુ મુંઝાતો હતો છતાં તેની મહેનત જોઈ રાજી થતો હતો. જેમ દહાડો

વધતો ગયો તેમ કામનો બોજો વધારે જણાયો. વૉરડર (દરોગો) બહુ તીખો હતો. 'ચલાવો ચલાવો' એવા પોકાર કરી રહ્યો હતો. તેમ તેમ હીંદી ગભરાતા હતા. કેટલાકને મેં રોતા પણ જોયા. એક જણનો પગ સુઝેલો જોયો. આથી મારૂં દિલ રડતું હતું. છતાં હું સહુને ક્હેતો હતો કે દરોગાની દરકાર રાખ્યા વિના સહુએ સાચા દિલથી કરવું. હું પોતે પણ થાકયો. હાથમાં ફોલ્લા સખત પડયા, તેમાંથી પાણી ચાલ્યાં. વાંકુંવળવું એ મુશ્કેલ લાગતું હતું અને કોદાળીનો ભાર મણ જેટલો લાગતો જણાયો. હું તો ઈશ્વર પાસે માગ્યા કરતો હતો કે મારી લાજ રાખે, મને અપંગ ન કરે ને હું કામ બરોબર કરી શકું એટલું મને જોર આપે. તેની ઉપર આધાર રાખીને કામ કર્યા કરતો હતો. દરોગો મને ઠપકારવા લાગ્યો. થાક ખાવાથી ઠપકો દેતો હતો. મેં તેને કહ્યું ટોંકવાની જરૂર નથી. મારાથી કાળજાતુટ થાય તેટલું કામ હું કરીશ. આ વખતે મી. ઝીણાભાઇ દેસાઇને મેં મુર્છીત થતાં જોયા. મારી જગ્યાએથી તો મારે ખસાય નહિ, એટલે હું દોડયો. બીજા પણ બે હીંદી આવ્યા. ઝીણાભાઇને પાણી છાંટયું, તેને શુદ્ધિ આવી. દરોગાએ બાજાને કામ ઉપર મોકલી આપ્યા. મને તેની પાસે બેસવા દીધો. ઝીણાભાઇને માથે ખુબ થંડુ પાણી રેડયું. પછી કંઇક આરામ થયો. દરોગાને કહ્યું કે તેનાથી ઘેર ચાલીને નહિ જવાય. તેથી ગાડી મંગાવી. ગાડીમાં તેને લઇ જવા મને હુકમ થયો. ઝીણાભાઇને માથે પાણી રેડતાં હું વિચારવા લાગ્યો. 'મારા શબ્દો ઉપર આધાર રાખી ઘણા હીંદી જેલમાં આવે છે. હું જો ખોટી સલાહ આપનો હોઉં તો હું કેટલો પાપી બનું? મારે લીધે આટલું દુઃખ હીંદને થાય?' મેં એમ વિચારી ઉંડો શ્વાસ નાખ્યો. ઇશ્વરને સાક્ષી જાણી ફરી વિચાર્યું ને હું વિચારમાં ડુબકી મારી પાછો હસી નીકળ્યો. મેં જે સલાહ આપી છે તે બરાબર છે એમ જોયું. દુઃખ ભોગવવામાંજ સુખ છે તો પછી દુઃખથી કંઈ ખેદ પામવાનું કારણ નથી. આ તો મુર્છા આવી પણ મોત થાય તોપણ મારાથી બીજી

સલાહ અપાય તેમ નથી. જન્મ બંધન કરતાં આમ દુઃખ ભોગવી બેડીમાંથી મુક્ત થવું એજ આપણું કર્તવ્ય છે એમ વિચારી હું બે ફીકર થઈ પડ્યો. ને ઝીણાભાઈને હીંમત રાખવાની સલાહ આપતો થઇ ગયો.

ગાડી આવી કે તુરત ઝીણાભાઈને તેમાં સુવાડી લઇ ગયા. વડા દરોગા પાસે ફરિયાદ કરી. તેની તપાસ ચાલી ને દરોગાને ઠપકો મળ્યો. ઝીણાભાઈને બપોરના કામે નહીં લઈ ગયા. તેજ પ્રમાણે બીજા ચાર હિંદી અશક્ત જણાયા. બાકીના બધા પાછા કામે ચડ્યા. બપોરના બારથી એક વાગ્યા સુધી ખાવાનો વખત હોય છે ને એકથી પાંચ વાગ્યાસુધી કામ કરવું પડે છે. બપોરના અમારી દેખરેખ ગોરા દરોગા ને બદલે કાફર દરોગાને સોંપી. કાફર દરોગો ગોરા કરતાં ઠીક હતો. તે બહુ ટોંકણી નહોતો કરતો. કોઇ કોઇ વખત બોલતો હતો. વળી બપોરના કાફરોને તથા હિંદીને તેજ જગ્યામાં પણ જુદા જુદા ભાગમાં રાખ્યા. અમને પ્રમાણમાં પોચી જમીન ખોદવા આપી.

જે માણસે આ કંટ્રાકટર લીધો હતો તેની સાથે મારે વાત થએલી. તેણે કહ્યું કે હિંદી કેદીની મજુરીથી તેને નુકસાન થવાનો સંભવ છે. હિંદીથી કાફરાની બરોબર એકાએક શરીરબળ ચલાવાય તેમ નથી, એ વાત તેણે મંજુર રાખી. વળી મેં તેને કહ્યું કે હિંદી કોઇ દરોગાની બીકથી કામ કરનારા નથી. તે તો માત્ર ખુદાનો ડર રાખીને બનશે તેટલુંજ કરશે. પણ મારે આ વિચાર પાછળથી સારી પેઠે બદલવો પડયો. એ કેમ તે આપણે હવે પછી જોઇએ.

બીજે દહાડે અમને બહાર કહાડયા પણ અમને ગોરા દરોગાની સાથે નહીં મોકલતાં એક કાફર દરોગા સાથે મોકલ્યા. તે દરોગો પણ ગયા દિવસનો કાફર ન હતો. આ કાફર દરોગાને ભલામણ હતી કે અમને બીલકુલ ન ટોંકે.

અમને ભલામણ હતી કે અમારે બને તેટલું કામ સાચી દાનતથી કરવું. જે કામ સોંપ્યું હતું તે પણ હળવું હતું. મ્યુનીસીપા-

લીટીની જમીનમાં પણ સરીયામ રસ્તા પાસે ખાડા ખોદવાના તથા ખાડા પુરવાના હતા. આમાં થાક મળી શકતો હતો. મને અનુભવ થઇ રહ્યો કે માત્ર ખુદાજ સાક્ષી રહેતો. આપણે કામની ચોરી કરનારા છીએ. કેમકે માણસોના કામમાં ઢીલપ જોવામાં આવતી હતી.

મારો ખાસ મત છે કે આવી કામની ચોરી એ આપણને એબ લગાડનારી વાત છે, અને આપણી લડતમાં જે ઢીલ થઇ છે તેનું પણ એ કારણ છે. સત્યાગ્રહનો રસ્તો સહેલો તેમ અઘરો પણ છે. આપણી દાનત ખરી હોવી જોઇએ. આપણને કંઇ સરકારની જોડે વેર નથી. તેને આપણે વેરી સમજતા નથી. સરકારની સામે લડીએ છીએ તે તેની ભુલ સુધારવાને ને ખોડ ભૂલાવવા. આપણે તેના બુરામાં રાજી નથી. તેના સામે થવામાં પણ તેનું ભલું માનીએ છીએ. આ વિચાર પ્રમાણે આપણે તો જેલમાં તાકાદ મુજબ કામ કરવું જોઇએ. કદાચ આપણે એમ માનીએ કે આપણે કામ કરવાની નીતિને રસ્તે જરૂર નથી તો આપણે દરોગો હોય ત્યારે પુરૂ કામ કરીએ છીએ તેમ નહીં થવું જોઇએ. કામ કરવું એ વાજબી ન હોય તો આપણે દરોગાની પરવા નહીં કરતાં સામે થવું જોઇએ અને તેને પરિણામે વધારે જેલ મળે તો તે ભોગવવી જોઇએ. પણ આવું કોઇ હિંદી માનતો નથી. જે કામ નથી કરતા તે માત્ર આળસથી અને કામ કરવાની ચોરીને લીધે. આવું આળસ તથા આવી ચોરી આપણને ન શોભે. સત્યાગ્રહી તરીકે આપણે જે કામ આવે તે કરવું જોઇએ અને દરોગાની બીક રાખ્યા વિના કામ કરીએ તો આપણને તકલીફ પડેજ નહીં. ગજા ઉપરાંત તો કામ કરવાનું રહેજ નહીં. કામ કરવાની ચોરીને લીધે જેલમાં લોકોને કેટલુંક દુઃખ ભોગવવું પડયું હતું.

આટલી વાત કર્યા પછી પાછા આપણે કામની વાત ઉપર આવીએ. આમ દિવસે દિવસે કામ હળવું થવા લાગ્યું. જે ટોળીમાં હું ગયો હતો તે ટોળીને ત્યારબાદ જેલનો બગીચો સાફ રાખવાનું તેમ

વાવેતર કરવાનું વિગેરે કામ મળ્યું. મુખ્ય ભાગે મકાઈ વાવવાનું અને પટેટાના ક્યારા સાફ કરવાનું તથા પટેટાના છોડ ઉપર ધુળ ચડાવવાનું હતું.

બે દહાડા વળી મ્યુનીસીપાલીટિનું તળાવ ખોદવા લઈ ગયા હતા. તેમાં ખોદવાનું, ધુળની ઢગલી કરવાનું તથા બેરોમાં લઈ જવાનું કામ હતું. આ કામ વળી કઠણ આવ્યું. તેનો અનુભવ માત્ર બે દીવસ મળ્યો. મને હાથના કાંડા ઉપર સોજો ચડયો. તે માટીના ઉપચારથી નાબુદ થયો.

આ જગ્યા ચાર પાંચ માઇલ છેટે હોવાથી અમને ટ્રોલીમાં લઈ જતા. ખાવાનું તળાવે પકાવવું પડતું. તેથી સીધું બળતણ પણ સાથે લઈ જતા. આમાં પણ કંટ્રાકટરને સંતોષ ન મળ્યો. અમે કાફરોની બરોબરી ન કરી શક્યા. બે દહાડા તળાવ ઉપર કામ કરાવીને અમને બીજું સોંપ્યું. આજ લગી ઘણે ભાગે કામ કરી શકે તેવા હિંદીને સાથે લઈ જતા. હવે તેમ કરવાને બદલે ભાગ પાડયા. કેટલાકને સોલજરોની કબર આસપાસ ઘાસ ઉગી ગયું હતું તે ખોદી કહાડવા મોકલ્યા. બીજાઓને કબરસ્તાન સાફ કરવાને મોકલ્યા. આ પ્રમાણે કેટલોક વખત ચાલ્યું. દરમીઆન બારબરટનના કેસ પછી લગભગ પચાસ હિંદી છુટયા. ત્યારબાદ હમેશાં વાડીમાં કામ મળતું. તેમાં ખોદવાનું, લણવાનું કચરો કહાડવાનું વીગેરે હતું. આ કામ ભારે નહીં ગણાય. અને બહુ તંદુરસ્તિ આપનારૂં કહી શકાય. જાથુ નવ કલાક સુધી એવું કામ કરતાં કંટાળો પ્રથમ આવે, પણ ટેવ પડયા પછી તેવું નહીં થાય.

આવા કામ ઉપરાંત દરેક કોટડીમાં પેસાબ વીગેરેની બકેટ હોય છે તે કોટડીના માણસોને ઉપાડી જવાની ફરજ હોય છે. મેં જોયું કે આવું કામ કરતાં આપણા માણસો અચકાય છે. ખરૂં જોતાં તેમાં અચકાવાનું કંઈ કારણ નથી. કામ કરવામાં નામોશી કે એમ માનવી તે ભુલ ગણાય. વળી જેલમાં જનારને એવી ઇમારત પોસાય નહીં.

હું જોતો કે કોટડીમાંથી પેસાબની બકેટ કોણ લઇ જશે એવો સવાલ કેટલીક વખતં ઉઠતો. આમ સવાલ ઉઠવાને બદલે જો આપણે સત્યાગ્રહની લડત પુરી સમજતા હોઇએ તો તેવું કામ કરવામાં હરીફાઇ થવી જોઇએ. ને જેને ભાગે તે કામ કરવાનું આવે તેણે માન સમજવું જોઇએ. એટલે કે સરકાર તેવું કામ સોંપે તેમાં માન નહીં પણ આપણે તે કામ કરવાનું જ છે તો પછી તેમાંથી જે પહેલો તૈયાર થાય તે બેશક માનને લાયક છે. આપણે દુઃખ ઉઠાવવા તૈયાર થયા છીએ તો પછી એક બીજાના કરતાં વધારે દુઃખ ઉઠાવવા તૈયાર થવું. ને જેની ઉપર વધારે પડે તેણે માન માનવું જોઇએ. આવો દાખલો મી. હસન મીરઝાંએ બેસાડ્યો હતો. મી. હસન મીરઝાંને ફેફસાનું ઘણું ખરાબ દરદ છે. પોતે નાજુક તબીયતના છે, છતાં તેણે હમેશાં જે કામ તેને ભાગે આવ્યું તે ખુશી થઇને ઉપાડયું એટલુંજ નહીં પણ પોતાની તબીયતની દરકાર ન કરી. એક વખત એક કાફર દરોગાએ તેમને વડા દરોગાનું પાયખાનું સાફ કરવાનું સોંપ્યું. તે કામ તેણે તુરત ઉપાડી લીધું. કોઇ દિવસ નહીં કરેલું તેથી તેને ઉલટી થઇ. તેની તેણે દરકાર નહીં કરી. બીજું પાયખાનું સાફ કરતા હતા તેવામાં હું જઇ ચડયો ને મેં અચંબા સાથે તેમને કામ કરતા જોયા. મને તો તેમના તરફ અત્યંત વહાલ આવ્યો. પુછપરછ કરી એટલે પહેલા પાયખાનાની ખબર પડી. એક વખત તે જ કાફર દરોગાને વડાએ હુકમ કર્યો હશે કે બે હીંદીને હિંદી પાયખાનાં ખસુસ રાખ્યાં હતાં તે સાફ કરવા બોલાવવા. આને સારૂ દરોગો મારી પાસે આવ્યો ને બે માણસ માગ્યા. મને લાગ્યું કે હું પોતેજ તે કામને સારૂ સરસ ગણાઉં તેથી હું જ ગયો. મને તો તેવા કામમાં ઇઆરત છે જ નહીં. હું માનું છું કે એવું કામ કરવાની આપણે ટેવ પાડવી ઘટે છે. એવા કામની સામે આપણે ચીડ રાખીએ છીએ તેને પરિણામે ઘણે ભાગે આપણાં આંગણાં તથા આપણાં જાજરૂ વિગેરે આપણે ખરાબ સ્થિતિમાં જોઇએ છીએ, એટલુંજ નહીં, પણ તેને લીધે મરકી વિગેરે રોગો આપણે પેદા કરીએ

છીએ, અથવા ફેલાવીએ છીએ. જાજરૂ તો હમેશાં ખરાબ જ હોય એમ આપણે માની બેઠા છીએ અને તેથી ઘણી વેળા આપણે ગંદાઇનું તહોમત ભોગવીએ છીએ. એવી જાતનું કામ ન કરવાને સારૂ એક હીંદીને સોલીટરી સેલની એટલે કે ભોંયરામાં પુરી રાખવાની સજા ભોગવવી પડી હતી. સજા ભોગવી તેની હરકત નથી ગણતો પણ તે સજા ભોગવવાની જરૂર ન હતી, અને તેવા કામની આનાકાની કરવામાં આપણે પા પડીએ એ ઠીક ન ગણાય. હવે જ્યારે કામને સારૂ ચાલ્યો ત્યારે દરોગો બીજાને ટોકવા લાગ્યો, કે તેઓએ નીકળવું જોઇએ. આથી હુકમની વાત ફેલાઈ અને તુરત મી. ઉમર ઓસમાન તથા મી. રૂસ્તમજી મદદે દોડયા. જોકે કામ ઓછું હતું. આ વાત લખવાનો હેતુ એ છે કે તેઓએ પણ તેવું કામ સરકાર કરાવે તો કરવામાં માન માન્યું. જો આપણને મળતા કામથી આપણે નારાજ રહીએ તો આપણાથી ખરી લડાઇમાં ભાગ લઈ શકાય.

જોહાન્સબર્ગ લઈ ગયા.

ઉપર પ્રમાણે વોક્સરસ્ટની જેલમાં કામનો હેવાલ હું આપી ગયો છું. પણ મારા બે મહિના પુરા કંઇ તે જેલમાં નહિ ગએલા. મને કેટલાક દિવસને સારૂ અચાનક જોહાન્સબર્ગ મોકલી દેવામાં આવ્યો હતો. ત્યાં જે બન્યું તે જાણવા જેવું છે. તા. ૨૫ અકટોબરે મને ત્યાં લઈ જવામાં આવ્યો. તેનું કારણ મારે દરજી ડાહ્યાના કેસમાં જુબાની આપવાનું હતું. તે સિવાય બીજાં કારણો હશે એમ બહુ તર્ક વિતર્ક થતા હતા. આશાએ ભર્યા બધા એમ પણ ધારતા હતા કે કદાચ મી. સ્મટસની મુલાકાતની પણ વાત હોય. પાછળથી જોવામાં આવ્યું કે એવું કંઇજ નહતું. મને લઈ જવાને જોહાન્સબર્ગથી ખાસ એક દરોગાને મોકલવામાં આવ્યો હતો. એ દરોગાને તથા મને રેલ્વેનો એક ડબો મળ્યો હતો. ટીકીટ બીજા વર્ગની હતી. તેનું કારણ તો એ જ હતું કે તેમાં ત્રીજા વર્ગના ડબા ન હતા. કેદીઓને ત્રીજાજ વર્ગમાં લઈ

જતા હોય એમ જણાય છે. રસ્તામાં પણ પોશાક કેદીનો જ હતો. મારો સામાન હતો તે મારી પાસે જ ઉપડાવ્યો હતો. જેલથી સ્ટેશન સુધી ચાલતા જવાનું હતું. જોહાન્સબર્ગ પહોંચ્યા પછી ત્યાંથીએ જેલ સુધી સામાન ઉંચકીને ચાલતા જવું પડયું. આ વાત ઉપરથી છાપાઓમાં બહુ ટીકા થએલી. વિલાયતની પાર્લામેંટમાં સવાલો પુછાએલા. ઘણા લોકોનાં મન દુ:ખાયાં. સહુને એમ લાગી આવ્યું કે મારા જેવા રાજ્યપ્રકરણીને કેદીના પોશાકમાં ચાલતો ને બોજો ઉંચકાવીને લઇ જવો નહોતો જોઇતો.

લોકોનાં મન દુ:ખાય એ સમજાય તેવું છે. જ્યારે આમ જવાનું છે એમ મી. આંગલીઆએ સાંભળ્યું ત્યારે તેમની આંખમાં પાણી આવ્યાં. મી. નાયડુ તથા મી. પોલાકને ખબર પડી ગએલી તેથી તે મને સ્ટેશન ઉપર મળેલાં. તેઓ પણ મારી સ્થિતિ જોઇને રોવા જેવા થઇ ગયા. આમ થવાનું કારણ કંઇ નથી. આ દેશમાં રાજ્યપ્રકરણી અને બીજા જેલી વચ્ચે સરકાર તફાવત રાખે તેવો સંભવ નથી. આપણને જેમ વધારે દુ:ખ આપે ને આપણે તે ઉઠાવીએ તેમ વહેલો છૂટકારો થાય. વળી જેલીનો પોશાક પહેરવો, ચાલતાં જવું ને સામાનનો ભાર ઉંચકવો એ વિચાર કરતાં કંઇ દુ:ખરૂપ નથી. પણ દુનીયા તો આવી વસ્તુને એમ માન્યાજ કરશે તેથી વિલાયતમાં શોરબકોર થયો.

રસ્તામાં દરોગા તરફથી ઇજા જરાએ ન હતી. દરોગો પોતે જાહેર પરવાનગી ન આપે તો જેલ શિવાયનો બીજો ખોરાક ન ખાવો તે મારો નિશ્ચય હતો તેથી આજ લગી હું જેલના ખોરાક ઉપરજ નભ્યો હતો. રેલમાં તો મને ખાવાનું બંધાવ્યું ન હતું. દરોગાએ મને જે ખોરાક લેવો હોય તે લેવાની છુટ આપી. સ્ટેશન માસ્તરે મને પૈસા આપવાનું કહ્યું તેની લાગણી પણ બહુ ઉશ્કેરાઇ ગઇ હતી. મેં તેનો ઉપકાર માન્યો; પૈસા લેવાની ના પાડી. મી. કાજી જે સ્ટેશન ઉપર હાજર હતા તેમની પાસેથી શીલીંગ દશ લીધા. તેમાંથી દરોગાને સારૂ તથા મારે સારૂ રેલમાંથી ખાવાનું લીધું.

જોહાન્સબર્ગ પહોંચ્યા તે વખતે સાંજ હતી, તેથી મને બીજા હીંદીની પાસે નહોતા લઈ ગયા. મુખ્યત્વે કેદખાનામાં જ્યાં કાફરા કેદી દરદી હતા તેઓની કોટડીમાં મને બીછાનું આપ્યું. આ કોટડીમાં મારી રાત ઘણા દુઃખમાં તથા ભયમાં ગઇ. મને બીજે દહાડે આપણા જ લોકો પાસે લઇ જશે એમ ખબર નહોતી અને આ-ીજ જગ્યાએ રાખશે એમ માની હું ભય પામ્યો ને બહુ અકળાયો. છતાં મન સાથે નિશ્ચય કર્યો કે મારૂં કર્તવ્ય તો એજ હતું કે મારે જે દુઃખ હોય તે સહન કરવું. ભગવદ્ ગીતાનું પુસ્તક મારી સાથે હતું તેમાંથી મેં વાંચ્યું. વખતને અનુકુળ પડતા શ્લોકો વાંચી તેનું મનન કરી ધીરજ રાખી. અકળાવાનો સબબ એ હતો કે કાફરા તથા ચીના કેદી જંગલી, ખુની તથા અનીતિવાળા લાગ્યા. તેઓની ભાષા હું જાણતો નહોતો. કાફરાએ મને સવાલો પુછવા શરૂ કર્યા. તેમાં પણ મેં મશ્કરી જેવું જોયું. હું તે સમજી શક્યો નહીં. મેં કંઇ જવાબ ન વાળ્યો. તેણે મને ભાંગેલા ઇંગ્રેજીમાં પુછ્યું “આમ તને શા સારૂ લાવ્યા છે?” મેં થોડો ઉતર દીધો ને મુંગો રહ્યો. પછી ચીનાએ શરૂ કર્યું. તે વધારે ખરાબ જણાયો. મારી પથારી આગળ તે આવી મને જોવા લાગ્યો, હું ચુપ રહ્યો. પછી તે કાફરાની પથારી આગળ ગયો. ત્યાં બંને જણ એક બીજાની ભુંડી મશ્કરી કરવા લાગ્યા ને એબ ઉઘાડવા લાગ્યા. આ બંને કેદીઓ ખુનના કે મડા ચોરીના આરોપવાળા હતા. આવું જોઇ મને ઉંઘ તો શાનીજ આવે? બીજે દહાડે ગવર્નરને આ બધું સંભળાવીશ એમ વિચારી મોડી રાત્રે હું થોડું ઉંઘ્યો.

ખરૂં દુઃખ તો આ કહેવાય. સામાન ઉંચકવા વિગેરેનું તો કંઇજ નથી. જે અનુભવ મને થયો તેવો બીજા હીંદીને થતો હશે, બીજા પણ ડરતા હશે એમ યાદ કરી વળી હું ખુશી થયો કે આવું દુઃખ હું પણ અનુભવું છું. તે અનુભવી હવે હું સરકાર સાથે લડત વધારે લઇશ ને જેલમાં આવી બાબતમાં સુધારા કરવાનું બનશે એમ મેં ધાર્યું. આ બધો સત્યાગ્રહની લડતનો આડકતરો લાભ છે.

બીજે દહાડે ઉદતાંજ મને જ્યાં બીજા હીંદી કેદી હતા ત્યાં લઇ ગયા, એટલે મને ઉપરની બાબતમાં ગવર્નરને કહેવાનો પ્રસંગ ન આવ્યો. જોકે તેવી રીતે હીંદી કેદીઓને કાફરાઓની કે બીજાની સાથે નહિ રખાય તેમ કરાવવાની લડત લેવાનું મનમાં રાખેલું છે. હું ગયો ત્યારે હીંદી કેદી લગભગ પંદરેક હતા. તેમાં ત્રણ સિવાય બીજા સત્યાગ્રહી હતા. ત્રણ જણ બીજા ગુન્હાવાળા હતા. આ કેદીઓને કાફરોની સાથે રાખવામાં આવતા હતા. હું ગયો ત્યારે વડા દરોગાએ હુકમ કર્યો કે અમને બધાને નોખી કોટડી મળે. મેં દીલગીરીની સાથે જોયું કે કેટલાક હીંદીઓ કાફરાઓની સાથે સુવામાં રાજી રહે છે. તે એવા કારણથી કે ત્યાં ચોરીથી તમાકુ વિગેરે મળી શકે. આ આપણને શરમ ઉપજાવનારૂં છે. આપણને કાફરા કે કોઇની ઉપર તિરસ્કાર ન હોય. પણ તેઓની વચ્ચે તથા આપણી વચ્ચે સાધારણ વ્યવહારમાં એકતા નથી એ ન ભુલાય તેવું છે. વળી જે તેઓની સાથે સુવાને માગે છે તે જુદાજ હેતુથી, એટલે આવો ભાવ આપણે ચડવાના હોઇએ તો આપણા મનમાંથી નીકળવાની જરૂર છે.

જોહાન્સબર્ગની જેલમાં બીજો પણ એક દુ:ખદ અનુભવ થએલો. ત્યાં બે વિભાગ જુદી જાતના છે. એક વિભાગમાં કાફરી તથા હીંદી મજુરીવાળા કેદી રહે છે. બીજા વિભાગમાં સાક્ષી કેદીઓને પુરેલા હોય છે, ને તેમાં દીવાની જેલ ભોગવનારા હોય છે. તેમાં સખત મજુરીવાળા કેદીને જવાનો હક નથી હોતો. અમારૂં સુવાનું બીજા વિભાગમાં હતું. પણ બીજા વિભાગનું જાજરૂ વિગેરે અમે હકથી ન વાપરી શકીએ. પહેલા વિભાગના જાજરૂમાં એટલા બધા કેદી હોય છે કે તેમાં જાજરૂની મહા પંચાત રહે છે. કેટલાક હીંદીને આ બહુ દુ:ખરૂપ વાત થઇ પડે છે. તેમાંનો એક હું હતો. મને દરોગાએ કહ્યું હતું કે બીજા વિભાગના જાજરૂમાં જવામાં હરકત નથી. તેથી હું તેમાં ગએલો. આ જાજરૂમાં પણ ભીડ તો હોય છે. વળી જાજરૂ ખુલ્લાં હોય છે. તેને દરવાજા નથી હોતા. હું જેવો બેઠો હતો તે-

વોજ એક જબરો, મજબુત વિકાળ કાફરો આવ્યો. તેણે મને ઉઠી જવા કહ્યું, ને ગાળો દેવા લાગ્યો. મેં કહ્યું હમણાજ ઉઠું છું. તેટલામાં તો મને બાથ ભીડીને ઉંચકયો ને બહાર ફેંકયો. સારે નસીબે મેં બારસાખ પકડી લીધી એટલે હું ન પડયો. આમાં કંઈ હું ગભરાયો નહોતો. હસીને હું તો ચાલતો થયો. પણ એક બે હીંદી કેદી જેણે આ બનાવ જોયો તેઓ રડી પડયા. જેલમાં તેઓથી મદદ તો થાય નહીં એટલે નિરૂપાય જાણી તેઓને ખેદ થયો. આવી જાતનાં દુઃખ બીજા હીંદીઓને પણ ભોગવવાં પડયાં છે એમ મેં પાછળથી સાંભળ્યું. આ બાબતની મેં ગવર્નરને વાત કરીને જણાવ્યું કે હીંદી કેદીઓને સારૂ નોખા જાજરૂની ખાસ જરૂર છે. ને એમ પણ જણાવ્યું કે કાફરા કેદીઓની સાથે હીંદી કેદીઓને મુદલ ન રાખવા જોઇએ. ગવર્નરે તુરત હુકમ કર્યો કે મોટી જેલમાંથી એક જાજરૂ હીંદી કેદીને સારૂ મોકલી આપે. અને બીજે દિવસથી જાજરૂની તકલીફ મટી. હું પોતે ચાર દિવસ સુધી જાજરૂના ખુલાસા વીના રહેલો તેથી તબીયતને પણ જફા પહોંચી હતી.

જોહાન્સબર્ગમાં રહ્યો તે દરમીયાન મારે કોર્ટમાં ત્રણ ચાર વખત જવું પડયું હતું. ત્યાં મી. પોલાકને તથા મારા દીકરાને મળવાની રજા મળી હતી. બીજા પણ કોઇ વેળા મળી જતા. કોર્ટમાં મને ઘરનો ખોરાક મંગાવવાની પણ છુટ મળેલી, તેથી રોટી, પનીર વિગેરે વસ્તુ મારે સારૂ મી. કેલનબેક લાવતા હતા.

આ જેલમાં હું હતો તે દરમીઆન સત્યાગ્રહી કેદી બહુ વધી ગયા હતા. એક વખત પચાસ ઉપરાંત થઇ ગયા હતા. ઘણાને એક પથરા ઉપર બેશી નાની હાથોડીવતી ઝીણી કાંકરી ભાગવાનું કામ સોંપતા હતા. દશેક જણ ફાટેલાં લુગડાં સીવવા વિગેરે કામમાં રોકાતા. મને સંચામાં ટોપી સીવવાનું કામ સોંપવામાં આવેલું. સંચાનું કામ પહેલું અહીંજ હું શીખ્યો. આ કામ મુશ્કેલ ન હતું. તેથી શીખતાં કંઇ વખત ન ગયો.

હીંદીનો મુખ્ય ભાગ કાંકરી ફોડવા ઉપર હતો, તેથી મેં પણ તે કામની માગણી કરી. પણ દરોગાએ કહ્યું કે વડા દરોગાનો તેને હુકમ હતો કે મને બહાર નહિ કાઢવો તેથી તેણે મને કાંકરી ફોડવા જવાની રજા નહિ આપી. એક દિવસે એમ બન્યું કે મારી પાસે સંચાનું કે બીજું સીવવાનું કામ ન હતું. તેથી મેં પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું. હિસાબ એવો છે કે દરેક કેદીએ કંઇને કંઈ જેલનું કામ કરવું જોઇએ. તેથી મને દરાગાએ બોલાવીને પુછ્યું "આજ તમે માંદા છો?"

મેં જવાબ આપ્યો, "ના જી."

સ૦—ત્યારે તમે કંઇ કામ કરતા નથી?

જ૦—મારી પાસે કામ હતું તે પુરૂં થયું છે. હું કામનો ઢોંગ કરવા ઇચ્છતો નથી. કામ મને આપો તો હું તે કરવા રાજી છું નહિ તો નવરો બેઠો વાંચું તેમાં શી હરકત છે?

સ૦—એ તો ખરૂં પણ જ્યારે વડો દરોગો કે ગવર્નર આવે ત્યારે તમે સ્ટોરમાં રહો તો સારૂં.

જ૦—હું એમ કરવા રાજી નથી. હું ગવર્નરને પણ કહેવાનો છું કે મને સ્ટોરમાં પુરતું કામ નથી, તેથી કાંકરી ફોડવા મોકલે.

સ૦—ત્યારે બહુ સારૂં. મારાથી તો રજા વિના તમને કાંકરી ફોડવા ન મોકલાય.

આ બનાવ બન્યા પછી થોડી વારે ગવર્નર આવ્યા. મેં તેની પાસે બધી હકીકત જાહેર કરી. તેણે કાંકરી ફોડવા જવાની પરવાનગી ન આપી પણ જણાવ્યું કે મારે તેમ કરવાની જરૂર નથી, કેમકે મને બીજે દિવસે પાછો વોકસરસ્ટ મોકલવાનો છે.

ડાકટરી તપાસ—નાગા કેદી

વોકસરસ્ટની જેલ નાની હોવાથી કેટલીક છુટ જે ત્યાં ભોગવાય છે તે જોહાન્સબર્ગની મોટી જેલમાં ન ભોગવાય. જેમકે વોકસરસ્ટની જેલમાં મી. દાઉદ મહમદને માથે બાંધવા સારૂ સાલ અને

ઇજાર તો બીજાને પણ પહેરવા આપતા હતા. મી. રૂસ્તમજી, મી. સોરાબજી તથા મી. શાપુરજીને તેમની પોતાની ટોપી પહેરવા આપતા હતા. આ પ્રમાણે જોહાન્સબર્ગની જેલમાં બનવું મુશ્કેલ. તેમજ જોહાન્સબર્ગની જેલમાં કેદીઓ પહેલા દાખલ થાય તેને દાકતર તપાસે છે. આ તપાસનો હેતુ એ છે કે કેદીઓને કંઇ ચેપી રોગ હોય તો તેની દવા કરવી અને તેને બીજા કેદીથી નોખા પાડવા. આવા કારણથી કેદીઓને બરોબર તપાસે છે. કેટલાક કેદીને ચાંદી વિગેરેનો રોગ હોય છે તેથી બધાના ગુહ્ય અવયવો તદન નાગા તપાસે છે. કાફરાઓને તો લગભગ પંદર મીનીટ સુધી તદન નાગા ઉભાડે છે કે જેથી દાકતરનો વખત બચે. હિંદી કેદીને દાકુતર આવે ત્યારેજ ઇજાર કઢાવે છે. બાકીના કપડા અગાઉથી ઉતરાવે છે. ઇજાર ઉતારવા સામે લગભગ બધા હિંદી હોય છે. છતાં ઘણાં તો લડતને ખાતર આનાકાની કરતા નથી પણ મનમાં કોચવાય છે. આ બાબતની મેં દાકતરને વાત કરી તેણે કેટલાક કેદીને ખાસ સ્ટોરમાં તપાસ્યા પણ હમેશાં તે પ્રમાણે કરવાની તેણે ના પાડી. આ બાબત એસોસીએશને લખાણ કર્યું છે ને તકરાર હજુ ચાલે છે. તે બાબત તકરાર ઉઠાવવી એ વ્યાજબી છે. લોકોનો ઘણો જુનો રિવાજ છે તે એકાએક બદલાવાનો નથી. છતાં તે વિષે વિચાર કરવા જેવું છે. મરદોમાંજ અવયવ સંતાડવાની જરૂર નથી. વળી બીજો માણસ આપણા ખાનગી અવયવો તાકીને જોશે એમ માનવાનું કારણ નથી. ખોટી શરમ રાખવાનું આપણે કારણ નથી. આપણે પોતે નિર્દોષ મનના હોઇએ તો કુદરતે આપેલી વસ્તુ ખાસ છુપાવવાની જરૂર શી? હું જાણું છું કે આ વિચારો હિંદી માત્રને વિચિત્ર લાગે તેવા છે. છતાં મને લાગે છે તે બાબત ઉંડા ઉતરીને ખરૂં શું છે તે જોવા જેવું છે. એવી જાતની હરકતો લાવવાથી આપણને અંતે લડતમાં નુકશાની થાય છે. અગાઉ હિંદી કેદીને દાકતર બીલકુલ ન તપાસતો. પણ એક વખત બે ત્રણ હિંદીને સવાલ પુછ્યા તેના

જવાબમાં તેઓએ કહ્યું કે તેને કંઇ રોગ ન હતો. દાક્તરને વહેમ ગયો તે ઉપરથી તેણે ઉપર પ્રમાણે જવાબ મળવા છતાં પણ તે કેદીને તપાસ્યો ને તેઓ જુઠા નીકળ્યા. ત્યારથી દાક્તરે હીંદી કેદીને પણ બરોબર તપાસવાનો ઠરાવ કર્યો. એટલે આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે આપણને કંઈ અડચણ આવી પડે છે ત્યારે તેનું કારણ ઘણે ભાગે આપણે પોતે હોઇએ છીએ.

જોહાન્સબર્ગથી પાછો ફર્યો.

ઉપર કહી ગયો તે પ્રમાણે મને ચોથી નવેંબરે વોકસરસ્ટ પાછો લઈ ગયા. તે વેળા પણ મારી સાથે એક દરોગો હતો. પોશાક કેદીનો હતો. આ વેળા મને ચલાવ્યો નહિ પણ ગાડીમાં સ્ટેશને લઈ ગયા. પણ બીજા વરગને બદલે ટીકીટ ત્રીજા વરગની હતી. મને રસ્તાને સારૂ અરધો રતલ રોટી તથા ખુલી બીફ આપ્યાં. ખુલી બીફ લેવાની મેં ના પાડી. તે છોડી દીધું. રસ્તામાં બીજો ખોરાક લેવાની દરોગાએ પરવાનગી આપી. સ્ટેશન ઉપર જ્યારે ગયો ત્યારે કેટલાક હિંદી દરજી હતા. તેઓએ મને જોયો. વાત તો થાય નહીં. મારો પોશાક વિગેરે જોઈ તેમાંના કોઇએ રોઇ દીધું. મને પોશાક વિગેરેથી કંઇ નહોતું લાગતું, એટલું કહેવાનો પણ અખત્યાર ન હતો. તેથી હું એ બધું જોઇ રહ્યો. અમને બેને એક અલગ ડબો આપ્યો હતો તેની પાસેના ડબામાં એક દરજી ઉતારૂ હતો તેણે પોતાના ખાવામાંથી મને થોડું આપ્યું. હેડલબર્ગ ઉપર મી. સોમાભાઇ પટેલ મળ્યા, તેમણે સ્ટેશન ઉપરથી કંઈ ખાવાનું લઇને આપ્યું. જે બાઇની પાસેથી તેણે લીધું, તેણે પ્રથમ તો પોતાની લાગણી આપણી લડતમાં બતાવવાના ઇરાદાથી કંઈજ લેવાની ના પાડી. જ્યારે મી. સોમાભાઇએ બહુજ આગ્રહ કર્યો ત્યારે તેણે નામની છ પેની લીધી. વળી મી. સોમાભાઇએ સ્ટાંડરટન તાર કર્યો હતો તેથી ત્યાં પણ કેટલાક હિંદી સ્ટેશન ઉપર આવ્યા હતા અને ખાવાનું લાવેલા. એટલે રસ્તામાં દરોગાએ તથા મેં પુષ્કળ ખાધું.

વોકસરસ્ટ પહોંચતાં સ્ટેશન ઉપર મી. નગદી તથા મી. કાજી મળ્યા. તે બંને સાથે થોડે રસ્તે ચાલેલા. છેટે રહીને ચાલવાની તેમને રજા આપી હતી. સ્ટેશનથી મારો સામાન ઉપાડીને મારે વળી ચાલવું પડ્યું હતું. આ બાબતની ચર્ચા પણ છાપામાં પુષ્કળ થએલી.

વોકસરસ્ટમાં હું પાછો પહોંચ્યો તેથી સહુ હિંદી ખુશી થયા. મને મી. દાઉદ મહમદવાળી કોટડીમાં તે રાતે પુરેલો એટલે મોડી રાત સુધી અમે એક બીજાના અનુભવની વાતો કરી.

હીંદી કેદીનો દેખાવ.

હું જ્યારે વોકસરસ્ટ પાછો ગયો ત્યારે હીંદી કેદીનો દેખાવ ફરી ગયો હતો. લગભગ ૩૦ ને બદલે ૭૫ કેદી થઇ પડ્યા હતા. તેટલાનો સમાસ થાય તેવો માર્ગ આ જેલમાં નહોતો. તેથી આડેક તંબુ ગોઠવ્યા હતા. રસોઇને સારૂ ખાસ ચુલો પ્રીટોરીઆથી આવ્યો હતો. કેદીઓ વળી ઘણી વેળા જેલની પાસે નદી વહે છે તેમાં નહાવા જઈ શકતા. આ દેખાવ કેદીના કરતાં લડવૈયાના જેવો લાગતો હતો. એ કેદખાનું નહતું પણ સત્યાગ્રહીની છાવણી હતી. પછી દરોગા દુઃખ આપે કે સુખ તેની શી દરકાર? હકીકતમાં તો ઘણાખરા દરોગા એકંદરે ઠીક હતા. દરેક દરોગાનાં મી. દાઉદ મહમદે નામ પાડ્યા હતાં. એકનું નામ 'ઉકલી' પાડ્યું હતું, બીજાનું નામ 'મફુટો' એમ જુદાં જુદાં નામ હતાં.

મરનારાઓ.

વોકસરસ્ટની જેલમાં મુલાકાતે ઠીક હીંદી આવતા. મી. કાજી તો હમેશાં અધર રહેતા. કેદીઓની બહારની વ્યવસ્થા તે દિલ દઇને કરતા. તથા મળવા આવવાને જેટલી બને તેટલી તક મેળવતા. મી પોલાક કામસર લગભગ દર અઠવાડીએ આવતા. નાતાલથી મી. મહમદ ઇબરાહીમ તથા મી. ખરસાણી કોંગ્રેસના મેનલાઇનના ઉઘરાણા બાબત ખાસ આવી ગએલા. ઇદને દહાડે તો લગભગ સો હિંદી

નાતાલના શેઠીયાઓને મળી ગયા હશે. તે દહાડે તારોના પણ વરસાદ વરસ્યા હતા.

પરચુરણ વિચારો.

જેલમાં સાધારણ રિતે બહુ ચોખાઇ જાળવવામાં આવે છે. જો તેમ ન થતું હોય તો દરદ ફાટી નિકળતાં વાર ન લાગે. છતાં કેટલીક બાબત ગંદકી પણ રહે છે. ઓઢવાની કમલી એક બીજાની સદાય બદલાય છે. ગમે તેવા મેલા કાફરાએ ઓઢેલી હોય તે પાછી હિંદીને ભાગે પણ આવે. તેમાં ઘણીવાર લીખો પડેલી હોય છે ને તેમાંથી બદબો નિકળે છે. કાયદા પ્રમાણે તો દરરોજ તડકો હોય ત્યારે અરધો કલાક તેને સુકવવી જોઇએ પણ તેમ ભાગ્યેજ થતું જોવામાં આવ્યું. કમલીની અગવડ ચોખાઈ રાખનાર માણસને જેવી તેવી નથી.

તેજ પ્રમાણે પહેરવાનાં કપડાંનું ઘણીવાર બને છે. જે કપડાં બીજા કેદીએ પહેર્યા હોય તેજ કપડાં તે કેદી છુટે ત્યારે હમેશાં ધોવામાં નથી આવતાં. તેથી તે બીજા કેદીને એવી મેલી સ્થિતિમાં પહેરાવે છે. આ ઘણી અકળામણની સ્થિતિ છે.

કેદીને ગીચોગીચ પણ બહુ પુરતા હતા. જોહાન્સબર્ગમાં જ્યાં માત્ર ૨૦૦ કેદીની સગવડ હતી ત્યાં લગભગ ૪૦૦ કેદી રાખતા. આથી એક કોટડીમાં કાયદેસર કરતાં બમણા કેદીને ઘણી વેળા ભરતા ને તેને કોઇ વખત પૂરતી કમલી પણ ન મળે. આ તકલીફ જેવી તેવી નહતી. પણ કુદરતનો ધારો એવો છે કે માણસ પોતાના દોષ વિના જે સ્થિતિમાં મુકાય તે સ્થિતિની બરદાસ ઝપાટાભેર કરે છે. આવું હીંદી કેદીને પણ બન્યું. ઉપરની ખરી અડચણોમાં પણ હિંદી ગમતમાં રહેતા. વળી મી. દાઉદ મહમદ પોતે આખો દહાડો મજેમાં રહેતા એટલુંજ નહી પણ પોતાના હાસ્ય વિનોદથી બધા હિંદી જેલીને હસાવ્યા કરતા હતા.

જેલમાં દુઃખની વાત એ જોવામાં આવી કે એક વખત કેટલાક હિંદી બેઠા હતા તેવામાં એક કાફર દરોગો આવ્યા. તેણે થોડું ઘાસ કાપવાને જવા બે હિંદીની માગણી કરી. કોઇ થોડીવાર ન બોલ્યું ત્યારે મી. ઇમામ અબદુલ કાદર કાપવા જવા તૈયાર થયા. તેમ છતાં પણ કોઈ તેની સાથે જવાને ન નીકળ્યા. સમુળગા દરોગાને કહેવા લાગ્યા કે તે અમીર ઇમામ છે તેને ન લઇ જા. આમ કહેવાથી બેવડી ખરાબી થઇ. એક તો દરેકે ઘાસ કાપવા તૈયાર થવાની જરૂર હતી, તે તો રહ્યું પણ જ્યારે કોમનું નામ રાખવાને ઇમામ સાહેબ તૈયાર થયા ત્યારે તેમનો હોદ્દો ખુલ્લો કર્યો. તે ઘાસ કાપવા તૈયાર થયા પણ બીજા કોઇ ન થયા એમ બતાવી આપણી બેશરમી જાહેર કરી.

ધર્મ સંકટ.

જેલ અરધી પુરી થઇ હતી તેટલામાં ફીનીક્સથી તાર આવ્યો કે મીસીસ ગાંધીને મરણતોલ માંદગી છે ને મારે ત્યાં પહોંચવું જોઇએ. સહુ આ ખબરથી દિલગીર થયા. મારી ફરજ શી હતી. તેનો મને સંદેહ ન થયો. જેલરે પુછ્યું હવે તું દંડ આપી જવા માગે છે કે નહિ? ત્યારે મેં તુરત જવાબ આપ્યો કે મારાથી દંડ આપવાનું બનવાકાળજ નથી. સગાં સંબંધીથી વિખુટા પડવું એ પણ અમારી લડતનો ભાગ છે. જેલર સાંભળીને હસ્યો ને દિલગીર પણ થયો. આ વિચાર ઉપરથી વિચારતાં ઘાતકી જણાય એવો છે, છતાં મને તો ખાત્રી છે કે એજ ખરો વિચાર છે. સ્વદેશ પ્રીતિ એ મારા ધર્મનો હું ભાગ સમજું છું. બધો ધર્મ તેમાં સમાયો નથી. પણ સ્વદેશ પ્રીતિ વિના પુરો ધર્મ સચવાયો ગણાય નહિ. ધર્મનું પાલન કરવામાં બાઇડી છોકરાંઓનો વિયોગ સહન કરવો પડે તો તે કરીએ, તેઓને ખોઇ બેસીએ, તેમાં ઘાતકીપણું નથી એટલુંજ નહિ પણ તેમ કરવું તે આપણી ફરજ છે. આપણે મરણપર્યંત લડવાનું પણ છે તો પછી બીજો વિચાર થાયજ નહિ. લોર્ડ રોબર્ટસે આપણા

કામ કરતાં ઉતરતા કામમાં પોતાના એકજ દીકરાને ખોયો અને લડાઇમાં પોતે હોવાથી છોકરાને દફન કરવા સારૂ પણ પોતાથી નહિ અવાયું. આવા દાખલાઓથી દુનિયાનો ઇતિહાસ ભરપુર છે.

કાફરોના ઝગડા.

જેલમાં કાફર કેદીઓ કેટલાક બહુ મોટા ખુની છે. તેઓની વચ્ચે તકરાર ચાલ્યાજ કરતી જોવામાં આવે છે. તેઓ કોટડીમાં પુરાયા પછી માંહોમાંહે લડે છે. ને કેટલીક વેળા દરોગાની સામે થાય છે. દરોગાને બે વખત કેદીઓએ માર્યા હતા. આવા કેદીઓની સાથે હિંદી કેદીને પુરે તેમાં જોખમ છે એ તો દેખીતું છે. તેવો વખત હિંદીને આવ્યો નથી. પણ સરકારી કાયદો જ્યાં સુધી કહે છે કે કાફરાની સાથે હિંદી કેદીને ગણવા ત્યાં સુધી જોખમકારક સ્થિતિ ગણાય.

જેલમાં માંદગી.

જેલમાં ખાસ માંદગી તો ઘણા કેદીને ન હતી. મી. માવજીને વિષે હું કહી ગયો. મી. રાજુ કરીને તામીલ હતા તેને સખત મરડો થએલો. તબીયત ઘણી લથડી હતી. તેનું કારણ તેણે એમ બતાવ્યું કે તેને હમેશાં ત્રીસ પ્યાલા ચાહ પીવાની આદત હતી તે નહિ મળવાથી થયો. તેણે ચાહની માગણી કરી. તે તો નજ મળે, પણ તેને દવા મળી અને જેલના ડાક્ટરે બે રતલ દુધનો તથા રોટીનો હુકમ કર્યો. તેથી તેની તબીયત સરસ થઈ ગઈ. મી. રવિકૃષ્ણ તાલેવંતસીંગની તબીયત છેવટ સુધી ખરાબ રહી. મી. કાજી ને મી. બાવાઝીર છેવટ સુધી માંદા રહ્યાં. મી. રતનસી સોઢાને ચાતુર માસનું વ્રત હોવાથી એક ટાણું ખાતા. ખોરાક બરોબર નહીં હોવાથી ભુખ ખેંચતા ને છેવટે સોજા થયા. આ શીવાય પરચુરણ માંદગી કેટલાકને હતી. છતાં એકંદરે જોયું કે માંદગીવાળા હિંદી પણ હાર્યા નહતા. તે દેશને સારૂ આ ખાસ દુઃખ ઉઠાવવા રાજી હતા.

કેટલીક અડચણો.

એમ જોવામાં આવ્યું કે બહારની ઇજાઓ કરતાં અંદરની ઈજાઓ વધારે ભારે પડતી હતી. હિંદુ અને મુસલમાન તથા ઉંચ અને નીચ જાત એવો આભાસ કોઇ કોઇ વેળા જેલમાં આવતો હતો. જેલમાં બધા વર્ણના હિંદી એક સાથે રહેતા હતા તેમાં જોઇ શકાયું કે આપણે સ્વરાજ્ય કરવામાં કેટલા પછાત છીએ. જો કે એમ પણ જોવાયું કે સ્વરાજ્ય ન ચલાવીએ એવું કંઇ નથી, કેમકે છેવટે જે અડચણો આવી તે દુર થતી હતી.

કેટલાક હિંદુ એમ કહેતા હતા કે અમે મુસલમાનોનું રાંધેલું નહીં ખાઇએ અમુક માણસના હાથનું રાંધેલું નહીં ખાઇએ, એમ કહેનાર માણસે હિંદુસ્તાનની બહાર પગજ નહીં મુકવો જોઇએ. મે એમ પણ જોયું કે કાફરાઓ કે ગોરાઓ આપણા અનાજને અડકે તેમાં અડચણ નહોતી. એક વખત એવું બન્યું કે પેલો તો ગધેડો છે તેની પાસે હું નથી સુવાનો એવો સવાલ નિકળ્યો. આ પણ, આપણને શરમાવા જેવું થયું. ઉંડા ઉતરતાં એમ માલમ પડયું કે આવી અડચણ લેવાનું કારણ તે માણસને પોતાને બાધ હતો એમ નહીં પણ દેશમાં ખબર પડે તો તેના નાતીલા હરકત કરે એ હતી. તો હું માનું છું કે આમ નીચ ઉંચના ડોળથી ને પછી નાતના જુલમના ડરથી આપણે સત્યને છોડી અસત્ય આદરી બેઠા છીએ. જો આપણે જાણીએ કે ઢેડાનો તિરસ્કાર કર્યો એ અઠીક છે તો પછી નાતથી કે બીજાથી ખોટી રિતે ડરી ખરૂં છોડી આપણે સત્યાગ્રહી કેમ કહેવાઇએ? આ લડતમાં ભાગ લેનારા હિંદી નાતની સામે, કુટુંબની સામે અને જ્યાં અધર્મ જુએ ત્યાં સત્યાગ્રહી થઇ બેસે એમ ઇચ્છું છું. તેમ નથી કરતા તેથીજ લડતમાં ઢીલ થાય છે એવો મારો તો નિશ્ચય છે. આપણે બધા હિંદી છીએ, તો પછી ખોટા ભેદ રાખી વઢી મરીશું ને હક માગશું એ કેમ બનવાનું છે? અથવા તો દેશમાં

કેમ થશે એવી ધાસ્તિથી આપણે જે ખરૂં છે તે નહીં કરીએ તો પણ આપણી લડતોમાં કેમ જીતશું? ડરીને અમુક કામ તજવું એ તો કાયરનું કામ ગણાય. અને કાયર હિંદી, સરકારની સામે જે મહા યુદ્ધ ચાલી રહ્યું છે તેમાં છેવટ સુધી ઝુઝવાના નથી.

જેલમાં કોણ જઈ શકે

ઉપરની હકીકતો ઉપરથી આપણે જોયું કે વ્યસની નાત જાતના ખોટા ભેદ રાખનાર, તકરારી, હિંદુ મુસલમાન વચ્ચે તફાવત રાખનાર, ને રોગી, આવા માણસ જેલમાં જઈ, અથવા લાંબી મુદત રહી ન શકે. તેથી આપણે જોઈ શકીએ છીએ કે દેશહિતને ખાતર માન સમજી જેલ જનારા શરીરમાં, મનમાં તથા આત્મામાં તંદુરસ્ત હોવા જોઇએ. રોગી માણસ છેવટે થાકે, હિંદુ મુસલમાન, હું ઉંચ, બીજા નીચ એમ જાણનાર, વ્યસનને વશ, ચાહ, બીડી કે બીજી વસ્તુની પાછળ ઘેલો થનાર છેવટ સુધી ન લડે.

શું વાંચ્યું?

જો કે દિવસ આખો કામ હોય તો પણ સવાર સાંજ તથા રવિવારે કંઇક વાંચવાનો વખત મળી શકે છે અને જેલમાં બીજી ઉપાધી ન હોવાથી શાંત મને વાંચી શકાય છે. બહુ ઓછો વખત રહેતો છતાં મહાન રસ્કીનનાં બે પ્રખ્યાત પુસ્તકો, મહાન થોરોના નિબંધો, બાઇબલનો કંઇ ભાગ. ગેરીબાલ્ડીનું જીવન (ગુજરાતીમાં), લોર્ડ બેકનના નિબંધ (ગુજરાતીમાં), હિંદુસ્તાનને લગતી બે બીજી અંગ્રેજી ચોપડીઓ એમ વાંચ્યાં. રસ્કીન તથા થોરોનાં લખાણોમાંથી સત્યાગ્રહ શોધી કઢાય છે. ગુજરાતી પુસ્તકો બધાંને વાંચવા સારૂ મી. દિવાને મોકલેલાં આ સિવાય ભગવદ્‌ગીતા લગભગ હમેશાં વાંચવામાં આવતી. આ વાંચવાનું પરિણામ એ આવ્યું કે સત્યાગ્રહને વિશે મારૂં મન તો

વધારે દ્રઢ થયું ને આજે હું કહી શકું છું, કે જેલથી જરાએ કંટાળો ઉપજે એવું કંઇજ નથી.

બે પ્રકારના વિચારો.

હું જે ઉપર લખી ગયો છું તેમાંથી બે જાતનાં ખ્યાલ આપણે કરી શકીએ છીએ.

એક તો એ કે જેલમાં જઈ બંધન ભોગવવું, જાડો ખરસટ અને ખરાબ પોષાક પહેરવો, જેવું તેવું ખાવું. ભુખે મરવું. દરોગાની પાટુઓ ખાવી, કાટરાઓમાં વસવું, પસંદ પડે કે ન પડે તેવું કામ કરવું, હમેશાં તાબેદારી આપણા ચાકર થવાને લાયક હોય એવા દરોગાની ઉઠાવવી, કોઇ ભાઇબંધ દોસ્તને મળાય નહિ, કોઇને કાગળ ન લખાય, જરૂર જોઇતી વસ્તુઓ ન મળે, લુંટારા ચોર વિગેરેની સાથે સુવું; આવું દુઃખ કોને સારૂં ઉઠાવવું ? તેના કરતાં તો મરવું ભલું. દંડ આપી છુટીએ પણ જેલમાં ન જઇએ. જેલ તો કોઇને ન હજો. આમ વિચાર કરી માણસ તદન નબળો બને અને જેલથી ડરે તથા ત્યાં જઇ જે સારૂં કરવાનું છે તે કરતાં અટકે.

બીજો ખ્યાલ એમ થાય કે જેલમાં હું દેશહિતને ખાતર, આબરૂ જાળવવા, ધર્મને સારૂ જાઉં એ તો મારા નશીબની નિશાની ગણાય. વળી જેલમાં મને દુઃખ તો છે નહિ. બહાર મારે ઘણાની તાબેદારી ઉઠાવવી પડે છે, તેને બદલે જેલમાં માત્ર દરોગાનીજ ઉઠાવવી રહી. જેલમાં મારે ચિંતાજ ન મળે, મારે ન મળે કમાવાનું, ન ચિંતા રહી ખાવાની, તે તો નિયમસર બીજા માણસો પકાવે છે. મારા શરીરનું રક્ષણ તે સરકાર કરે છે. આ બધાનું મારે કંઇજ આપવું પડતું નથી. મને કસરત ખુબ થાય એટલું કામ મળે છે, મારા વ્યસન બધા સહેજે જતાં રહે છે. મારૂં મન મોકળું રહે છે. મને ઇશ્વર ભજન કરવાનો લાભ સહેજે મળી આવે છે. મારૂં શરીર કબજ થયું છે પણ મારો

આત્મા વધારે છુટો છે. હું નિયમસર ઉઠી બેસી શકું છું. મારા શરીરનું જતન જેઓ તેને કબજે રાખે છે તેઓ જ કરે છે. આમ દરેક રીતે જોતાં હું છુટો છું. કદાચ મારી ઉપર મુસીબત આવે છે, મને કોઇ પાપી દરોગો મારી લે છે, તોપણ હું ધીરજ રાખતાં શીખું છું, અને તેવું કામ કરતો અટકાવવાને હવે મને તક મળે છે એમ સમજી ખુશી થાઉં છું. આવા વિચારથી જેલ એ પવિત્ર અને સુખદાયક જગ્યા થઇ પડે છે. તેને દુઃખદાયક માનવી અને કરવી એ આપણા હાથમાં છે. ટુંકામાં સુખ અને દુઃખ એ મનની સ્થિતિ છે. હું ઉમેદ રાખું છું કે મારો આ બીજો અનુભવ વાંચી વાંચનાર એવાજ નિશ્ચય ઉપર આવશે કે દેશને ખાતર અથવા ધર્મને ખાતર જેલ જવું, તેમાં ઇજા ઉઠાવવી અથવા બીજી રીતે સંકટ સહન કરવાં એમાં સુખ માનવાનું છે.

અનુભવ ત્રીજો.

પ્રસ્તાવના.

જ્યારે ફેબ્રુઆરીની પચીસમી તારીખે મને ત્રણ માસની સખત મજૂરીની જેલ મળી અને મારા જેલી ભાઇઓને તથા મારા દિકરાને હું વોક્સરસ્ટની જેલમાં ભેટયો ત્યારે હું ધારતો ન હતો કે આ ત્રીજી જેલની જાત્રા વિષે મારે બહુ કહેવા કે લખવા જેવું રહેશે. પણ તે મારી ધારણા માણસની ઘણી ધારણાઓની જેમ ખોટી નીવડી છે. આ વખતે મને જે અનુભવ મળ્યો છે તે ઓરજ છે. તેમાંથી જે હું શીખ્યો છું તેટલું વરસોના અભ્યાસથી શીખાત નહિ. એ ત્રણ માસ હું અમૂલ્ય ગણું છું. તે ટૂંક મુદતમાં સત્યાગ્રહના આબેહૂબ ચિતારો મને ઘણા મળ્યા છે, અને ત્રણ માસ પહેલાં હું હતો તેના કરતાં આજે વધારે બળવાન સત્યાગ્રહી છું એમ માનું છું. આ બધાને સારૂ મારે અહિંની (ટ્રાંસવાલની) સરકારનો ઉપકાર માનવો ઘટે છે.

ત્રણ માસની સજા.

કેટલાક અમલદારોએ પણ લીધાં હતાં કે મને આ વેળા છ માસથી ઓછી જેલ કદિ નહિ મળે. મારા સાથીઓ—બુઝર્ગ અને નામાંકિત હિન્દીઓ—મારો દિકરો—એ બધા છ માસની જેલ ભોગવતા હતા. તેથી હું ઇચ્છતો હતો કે અમલદારોની આશા પાર પડે. છતાં મારી ઉપર તહોમત કાયદાના ધારાની રૂએ હતું તેથી મને ધાસ્તી હતી કે વધારેમાં વધારે ત્રણજ માસ મળશે ને તેમજ થયું.

મિત્રોનો મેલાપ.

જેલ મળ્યા બાદ મિ. દાઉદ મહમદ, મિ. રૂસ્તમજી, મિ. સો-

રામજી, મિ. પિલે, મિ. હજૂરાસિંગ, મિ. લાલ બહાદૂરસિંગ વિગેરે લડવૈયાઓને ઘણા હર્ષથી મળ્યો. દશેક સિવાયના બીજા બધાને જેલના મેદાનમાં તંબુમાં સૂવાની ગોઠવણ હતી. તેથી જેલના કરતાં લડાઈની છાવણી જેવો દેખાવ હતો. તંબુમાં સૂવાનું સૌને પસંદ હતું. ખાવાનું સુખ હતું. રસોઇ અગાઉની જેમ આપણે જ હાથ હતી. તેથી મનગમતી રીતે રાંધવાનું બનતું હતું. બધા મળીને ૭૭ કેદી (સત્યાગ્રહી) એકઠા થયા હતા.

જેલમાં કામ.

જેને બહાર લઇ જતા તેનું કામ સહજ અઘરૂં હતું. માજીસ્ટ્રેટની કચેરી આગળનો રસ્તો બાંધવાનો હતો તેને સારૂ પથરા ખોદવા પડતા, ટાઢ ખોદવી પડતી, અને તેને સારવાં પડતાં. તે થઇ રહ્યા બાદ નિશાળના ચોગાનમાંથી ઘાસ ખોદવાનું હતું. પણ ઘણે ભાગે સૌ મજેથી કામ કરતા હતા.

આમ ત્રણેક દિવસ સુધી હું સ્પેન (ટુકડીઓ) સાથે ગયેલો. દરમિયાન તાર આવ્યો કે મને બહાર કામ કરવા ન કહાડવો. હું નિરાશ થયો, કેમકે મને બહાર જવું પસંદ હતું. તેમાં મારી તબીયત સુધરતી હતી અને શરીર કસાતું હતું. સાધારણ રીતે હું એ વખત હમ્મેશાં જમું છું. તેને બદલે વોક્સરસ્ટની જેલમાં ઉપલી કસરતને લીધે શરીર ત્રણ વખત ખાવાનું માગતું હતું. હવે તો મને ઝાડુ કાઢવાનું કામ મળ્યું. તેમાં દહાડા ન વળે એમ લાગ્યું. આટલું કામ પણ જવાનો વખત આવ્યો.

પ્રિટોરિયામાં.

માર્ચની બીજી તારીખે ખબર મળ્યા કે મને પ્રિટોરિયા મોકલવાનો હુકમ છે. તેજ દહાડે મને તૈયાર કર્યો. વરસાદ પડતો હતો. રસ્તા ખરાબ હતા, આમાં મારી ગાંસડી ઉચકી મારે તથા મારા ઠ-

રોગાને જવું પડયું. સાંજનીજ ટ્રેનમાં ત્રીજા વર્ગની ગાડીમાં મને લઇ ગયા.

કેટલાકના મનમાં આથી એમ થયું, કે વખતે સમાધાની થાય. કેટલાકે એમ વિચાર્યું કે મને બધા જેલીથી નોખો પાડી દુઃખ દેવાનો ઇરાદો હશે. કેટલાકને એમ લાગ્યું કે આમની સભામાં ચર્ચા ન થાય એવા હેતુથી પ્રિટોરિયા રાખીને મને વધારે છૂટ અને સગવડ આપવાનો હેતુ પણ હોય.

વોકસરસ્ટ છોડવું મને ન ગમ્યું. જેમ દિવસે અમે સુખમાં રહેતા તેમ રાતનાં સારી વાર્તાઓ કરી આનંદ કરતા. મિ. હજૂરાસિંગ તથા મિ. જોશી એ બે જણા મુખ્યત્વે કરીને બહુ સવાલ જવાબ કરતા અને તે સવાલો કંઈ ફેંકી દેવા જેવા ન હતા. પણ જ્ઞાન–વાર્તાના હતા. જ્યાં આવી સ્થિતિ હતી, ને જ્યાં વધારેમાં વધારે હિન્દી કેદીની છાવણી હતી ત્યાંથી જવું કયા સત્યાગ્રહીને ગમે?

પણ માણસનું ઇચ્છયું થતું હોય તો તે આદમી ન કહેવાય. એટલે હું તો ચાલ્યો. રસ્તામાં મિ. કાજીની સલામ થઇ. એક ડબ્બામાં દરોગો તથા હું પૂરાયા. ટાઢ પડતી હતી; વરસાદ આખી રાત વરસ્યો. મારો ઝાઝ મારી સાથે હતો તે પહેરવાની મને પરવાનગી મળી. તેથી કંઇક ઠીક થયું. મને ખાવાને સારૂ રોટી તથા ચીઝ બંધાવ્યાં હતાં. હું તો ખાઇને નીકળ્યો હતો એટલે તેને ન અડકયો. તેનો ઉપયોગ દરોગાએ કર્યો.

પ્રિટોરિયાની જેલમાં.

ત્રીજી તારીખે પ્રિટોરિયા પહોંચ્યો. બધું નવું જણાયું. જેલ પણ નવીજ બંધાયેલી છે. માણસો નવાં. મને ખાવાનું કહ્યું પણ તેની તો ઇચ્છા ન હતી. મારી પાસે મીલીમીલનો પૉરિજ મૂકયો. તેનો એક ચમચો ચાખીને મેં છોડી દીધો. દરોગાને અચંબો લાગ્યો. મેં કહ્યું, મને ભૂખ નથી. તે હસ્યો. પછી બીજા દારોગાના હાથમાં હું ગયો. તે બોલ્યો "ગાંધી, ટોપી ઉતાર" મેં

ટોપી ઉતારી. પછી તેણે મને પૂછ્યું, "તું ગાંધીનો દિકરો છે?" મેં કહ્યું 'ના મારો દિકરો તો ૭ મહિનાની જેલ વોકસરસ્ટમાં ભોગવે છે." પછી મને એક કોટડીમાં પૂર્યો. મેં તેમાં આંટા મારવાનું શરૂ કર્યું. થોડીવારમાં દારોગાએ દરવાજામાં કેદીઓ તપાસવાનું કાણું હોય છે તેમાંથી મને ચાલતો જોયો અને તે બોલી ઉઠયો, "ગાંધી, તું આંટા ન માર; મારી ભોંય બગડે છે." મેં આંટા મારવાનું બંધ કર્યું, અને એક ખુણામાં ઉભો. મારી પાસે કંઈ વાંચવાનું પણ ન મળે. હજુ મારી ચોપડીઓ મને મળી ન હતી. મને આઠ વાગતે પૂર્યો હશે. દશ વાગે ડાકટર પાસે લઈ ગયા. ડાકટરે મને કંઇ ચેપી દરદ છે કે નહિ તેટલું પૂછી રજા આપી. પાછો પૂરાયો. અગિયાર વાગે મને બીજી નાની કોટડીમાં લઇ ગયા તેમાં મેં બધો વખત ગાળ્યો. તેવી કોટડી એક એક કેદીઓને સારૂ બનાવવામાં આવી છે.

કોટડીમાં.

તેની લંબાઇ પહોળાઇ ૧૦×૧૭ ફુટ હશે એમ ધારૂં છું. ભોંય કાળી ડામરવાળી છે તેને ચકચકિત રાખવા દારોગાઓ મથ્યા કરે છે. તેમાં હવા તથા અજવાળાને સારૂ એક કાચની તથા લોખંડના સળીયાની ઘણીજ નાની બારી છે. કેદીઓને રાતના તપાસવા ખાતર વિજળીની બત્તી રહે છે. આ બત્તી કેદીની સગવડને સારૂ નથી. કેમકે તેનું અજવાળું વાંચી શકાય તેટલું નથી હોતું. હું બત્તીની પાસે જઇને ઉભતો ત્યારે મોટા અક્ષરવાળી ચોપડી વાંચી શકતો હતો. બત્તી બરોબર આઠ વાગે બુઝાવે છે. પણ રાતના લગભગ પાંચ કે છ વાર પાછી સળગાવી કેદીઓને પેલા છિદ્ર વાટે દરોગાઓ તપાસી જાય છે.

ગવર્નર પાસે ત્રણ માગણી.

અગિયાર વાગ્યા પછી ડેપ્યુટી ગવર્નર આવ્યા. તેની પાસે મેં ત્રણ માગણી કરી. ચોપડીઓની, મારી સ્ત્રીની માંદગીને લીધે તેને

કાગળ લખવાની પરવાનગીની તથા એક બેસવાની બાંકડીની. પહેલીને વિષે 'વિચારીશ,' બીજીને વિષે 'કાગળ લખજે,' ત્રીજીને વિષે 'ના' આમ જવાબ મળ્યા. મેં જ્યારે ગુજરાતીમાં કાગળ લખીને આપ્યો ત્યારે તેની ઉપર શેરો થયો કે મારે કાગળ અંગ્રેજીમાં લખવો. મેં કહ્યું, મારી ઓરત અંગ્રેજી જાણતી નથી. મારા કાગળ તેને દવા જેવા થઈ પડે છે. તેમાં કંઈ નવું કે ખાસ લખવાનું હોતું નથી. છતાં મને પરવાનગી ન મળી. અંગ્રેજીમાં લખવાની પરવાનગીનો મેં ઉપયોગ કરવાની ના પાડી. મારી ચોપડીઓ મને તેજ દહાડે સાંજના આપવામાં આવી.

બપોરના ખાવાનું આવ્યું તે પણ બંધ દરવાજે કોટડીમાં ઉભાં ઉભાં ખાવું પડ્યું. ત્રણેક વાગે મેં નહાવાની પરવાનગી માંગી. નહાવાની જગ્યા મારી કોટડીથી સવાસો ફૂટ છેટી હશે. દરોગો કહે "ઠીક છે, કપડાં ઉતારીને (નાગો થઇને) જા." મેં કહ્યું, "એમ કરવાની કંઈ જરૂર છે? હું મારાં કપડાં પડદા ઉપર મૂકીશ." ત્યારે તેણે તેમ કરવા રજા આપી; પણ કહ્યું, "વખત ન લગાડતો" હજુ મારૂં શરીર લુછવાનું બાકી હતું, ત્યાં તો બાઇસાહેબે રાડ પાડી, "ગાંધી, તૈયાર થયો કે?" મેં કહ્યું. "હમણાં તૈયાર થઇશ." હિંદીનું મ્હોં જોવાનુંયે ભાગ્યેજ મળતું હતું. સાંજ પડી એટલે દોઢ કામળી અને કાથાની ચટાઈ સુવાને મળ્યાં, ઓશિકું કે પાટિયું ન હતાં. બાજરૂ જવું તે પણ એક દરોગો ચોકી કરવા ઉભતો. તે વળી મને ઓળખે નહિ તો બોલેઃ–"સામ હવે નીકળ." સામને તો પાયખાનામાં વખત પૂરો લેવાની બૂરી આદત; તે સામ એમ કેમ ઉઠે? અને ઉઠે તો તેની હાજત પૂરી કેમ થાય? કોઈ વેળા દારોગો નહિ તો કાફરો આમ ઉભી ડોકિયાં કરે અથવા "ઉઠ ઉઠ"નું ગાન કરે.

જેલમાં મળેલું કામ.

કામ બીજે દહાડે મળ્યું, તે ભોંય અને દરવાજા સાફ કરવાનું

એટલે ચકચકતા (પોલિસ) કરવાનું. દરવાજા રોગાન ચઢાવેલા લોખંડના. તેને હંમેશાં પાલિશ શું કરવા ? મેં ત્રણ ત્રણ કલાક એક દરવાજા ઉપર ઘસવામાં ગાળ્યા. પણ તેમાં કંઈ ફેરફાર મેં તો ન જોયો. ભોંયમાં કંઇ ફેર પડતો ખરો. મારી જોડે બીજા કાફરો કામ કરતા હતા. તેઓ વળી પોતાની સજાની કહાણી ભાંગ્યા તૂટ્યા અંગ્રેજીમાં સંભળાવે ને મારી સજાનું પૂછે. કોઈ પૂછે, તેં ચોરી કરી? તો કોઇ પૂછે, તું દારૂ વેચવા સારૂ આવ્યો છે? જ્યારે મેં એક કાંઇક સમજુ કાફરાને સમજાવ્યું ત્યારે તે બોલી ઉઠયો, "ક્વાઇટ રાઇટ" (ઠીક કર્યું.) "અમલુંગું બૅડ" (ગોરા ખરાબ છે) "ડોન્ટ પે ફાઇન" (દંડ ન આપજે) મારી કોટડીની ઉપર લખ્યું હતું, "આઇસોલેટેડ" (નોંખો પાડેલ). મારી કોટડીની પાસે બીજી પાંચ કોટડી તેવીજ જોવામાં આવી. મારો પાડોશી એક ખૂનનો પ્રયત્ન કરવાની સજા ભોગવનાર કાફરો હતો. ત્યાર પછી ત્રણ બીજા હતા. તેની ઉપર દુનિયાના વહેવાર વિરૂદ્ધની જનાખોરી કરવાનો ગુન્હો હતો. આવા સોબતીઓમાં આવી સ્થિતિમાં પ્રિટોરિયાની જેલનો અનુભવ મેં શરૂ કર્યો.

ખોરાક.

જેવી ઉપરની દશા તેવો ખોરાક હતો. સવારના પૂપૂ. બપોરના ત્રણ દહાડા પૂપૂ ને પટેટા અથવા ગાજર, ત્રણ દહાડા વાલ, અને સાંજના ઘી વિનાના ચાવલ. બુધવારે બપોરના વાલ તથા ચાવલ અને ઘી, તથા રવિવારે પૂપૂની સાથે ચાવલ તથા ઘી, આમ મળે. ઘી વિના ચાવલ મુશ્કેલીથી ખવાય. ઘી ન મળે ત્યાં લગી તે ન ખાવાનો નિશ્ચય કર્યો. સવારના તેમજ બપોરના પૂપૂ કોઇ વેળા કાચું તો કોઇ વેળા રાબના જેવું હોય. વાલ કોઇ કોઇ વખત કાચા હોય. સાધારણ રીતે વાલ ઠીક પાકતા. શાક મળે ત્યારે નાની ચાર પટેટી એ આઠ આંસમાં ગણાય ને ગાજરને દહાડે તો ગણ્યાં ત્રણ; તે પણ

નાનાં. કોઇ કોઈ વેળા સવારના ચાર અથવા પાંચ ચમચા જેટલું પૂપૂ લેતો પણ સાધારણ રીતે દોઢ મહિનો મેં માત્ર બપોરના વાલ ઉપર ગાળ્યો. આમાંથી વોક્સરસ્ટના મારા જેલી ભાઇઓએ જાણવા જેવું છે કે, આપણે આપણા પોતાના રસોયા ઉપર કંઇ કાચું હોય અથવા ઓછું હોય ત્યારે રીસ કરતા તે ઠીક ન હતું. આપણા ભાઈ રસોઈ કરે ત્યારે રીસ કામ આવે. ઉપરની સ્થિતિમાં શું કરીએ? બેશક ત્યાં પણ કરાય, પણ તે રાવ ન શોભે એમ માનું છું. જ્યાં સેંકડો કેદી સંતોષ માનીને બેસે ત્યાં રાવ શી? રાવનો હેતુ એકજ હોવો જોઇએ. તે એ કે બીજા કેદીને પણ રાહત થાય. હું કોઇ કોઈ વેળા દારોગાને પરેટા થોડા છે, એમ કહું ત્યારે તે મારે સારૂ બીજા આણી આપે તેમાં દહાડા શા વળ્યા? એક વેળા મેં જોયું કે તે તો બીજાના કટોરામાંથી મને આપતો હતો એટલે મેં તે વાતજ છોડી દીધી.

ચાવલમાં ઘી સાંજના નહોતું મળતું તે મને અગાઉથી માલમ હતું, તેનો ઇલાજ કરવાનો નિશ્ચય હતો. મેં તુરત વડા દરોગાને જાહેર કર્યું. તેણે કહ્યું. "ઘી તો માત્ર બુધવારે તથા રવિવારે બપોરના ગોસ્તની અવેજીમાંજ મળશે. વધારે વખત જોઇએ તો ડાકટરને મળવું." બીજે દહાડે ડૉકટરને મળવા મેં અરજી કરી. મને તેની આગળ લઇ ગયા.

ઘીની માંગણી.

ડૉકટરની પાસે મેં બધા હિન્દી કેદીઓને સારૂ ચરબીની અવેજીમાં ઘીની માંગણી કરી. વડો દરોગો હાજર હતો તેણે કહ્યું, "ગાંધીની માંગણી બરાબર નથી. આજ સુધી ઘણા ખરા બધા હિન્દીએ ચરબી ખાધી છે, અને ગોસ્ત પણ ખાધું છે જેઓ ચરબી નથી લેતા તેને હવે સુક્કા ચાવલ મળે છે, તે બધા ખુશીથી ખાય છે. જ્યારે સત્યાગ્રહી કેદીઓ હતા ત્યારે તેઓએ પણ ખાધા હતા.

તેઓનું વજન દાખલ થતી વેળા લીધેલું હતું અને છોડતી વેળા પણ લીધેલું. છૂટતી વખતે તે બધા વજનમાં વધ્યા હતા." ડાકટરે પૂછ્યું. "બોલ, હવે તું શું કહે છે?" મેં કહ્યું, "આ વાત મને ગળે ઉતરતી નથી. છતાં મારે વિષે તો હું કહું છું કે જો મારે બિલકુલ ઘી વિના જાવું પડશે તો મારી તબીયત જરૂર બગડશે." ડાકટર બોલ્યા, "ત્યારે તારે સારૂ હું રોટીનો હુકમ કરૂં છું." મેં કહ્યું, "હું ઉપકાર માનું છું. પણ મેં ખાસ મારે સારૂ અરજી નથી કરી. જ્યાં લગી ઘીનો હુકમ બધાને મળે નહિ ત્યાં લગી મારાથી રોટી નહિ લેવાય." ત્યારે ડાકટરે કહ્યું, "હવે તું મને દોષ ન દેજે."

અરજી.

હવે શું કરવું? વડો દરોગો આડે નહિ પડત તો હુકમ થાત. તેજ દહાડે મારી પાસે રોટી તથા ચાવલ ધર્યાં. હું ભૂખ્યો હતો. પણ સત્યાગ્રહીથી એમ કેમ રોટી લેવાય? તેથી મેં બંને ન લીધાં. બીજે દહાડે ડિરેક્ટરને અરજી કરવાનો હુકમ માંગ્યો તે મળ્યો. તેને અરજીમાં જોહાન્સબર્ગ તથા વોક્સરસ્ટના દાખલા આપી બધા કેદીને સારૂ ઘીની માંગણી કરી. આ અરજીનો જવાબ પન્દર દિવસે મળ્યો. તે એ હતો કે બીજી જાતનો ખોરાક હિન્દીને સારૂ ઠરે ત્યાં સુધી મને દરરોજ ચાવલ સાથે ઘી મળે. મને ખાસ ખબર ન હતી તેથી મેં ચાવલ ઘી તથા રોટી ખુશી થઇ ખાધાં. રોટીની જરૂર નથી એમ જણાવ્યું. પણ ડાકટરનો હુકમ છે, એટલે તે મળયાજ કરશે એમ કહ્યું. એટલે તે પણ મેં પન્દર દિવસે લીધી. પણ મારી ખુશાલી એકજ દિવસ ટકી. બીજે દિવસે મને માલમ પડ્યું કે હુકમ તો ઉપર મુજબ છે, એટલે ફરીથી મેં ચાવલ ઘી અને રોટી લેવાનો ઇન્કાર કર્યો. વડા દારોગાને જણાવ્યું કે "જ્યાંલગી બધા હિન્દીને તે પ્રમાણે ઘી નહિ મળે ત્યાંલગી હું નથી લઈ શકતો." ડેપ્યુટી ગવર્નર જે સાથે હતો તેણે કહ્યું "તે તારી મરજી ઉપર આધાર રાખે છે."

મેં ફરીથી ડિરેક્ટરને લખ્યું. મને જણાવવામાં આવ્યું હતું કે ખોરાક છેવટે નાતાલના જેવો થશે, મેં તેની ઉપર ટીકા કરી અને હું પોતે ઘી નથી લઇ શકતો વિગેરે કારણો બતાવ્યાં. છેવટે બધું મળી દોઢ માસ ઉપરાંત વીતી ગયો ત્યારે મને હુકમ આવ્યો કે જ્યાં જ્યાં હિન્દી કેદી ઘણા હશે ત્યાં ત્યાં ઘી આપવામાં આવશે. આમ લડત લીધા બાદ દોઢ માસે મારો અપવાસ (રોજો) છૂટયો એમ કહીએ તો ચાલે. મેં લગભગ છેલ્લો એક માસ ચાવલ ઘી તથા રોટી ખાધાં પણ સવારે ખાવાનું નહિ રાખ્યું, તેમજ ચાવલ રોટી લેવા શરૂ કર્યા પછી બપોરના જ્યારે પૂપૂ આવતું ત્યારે તે પણ ભાગ્યેજ દસ ચમચા લેતો હોઇશ. કેમકે તે હંમેશાં જૂદી રીતે રંધાયેલું હોય. છતાં રોટીનો તથા ઘીનો આધાર ઘણો હતો, એટલે તબીયત વળી.

મેં ઉપર કહ્યું કે તબીયત વળી. કેમકે જ્યારે હું એકજ ટં ઉપર હતો ત્યારે મારી તબીયત પડી ભાંગી હતી. મારી તાકાત ગઇ હતી અને મને દશેક દિવસ સુધી સખત આધાશીશી થઇ આવેલ તથા છાતી બગડવાની નિશાની જણાઇ હતી.

કામની બદલી.

છાતી બગડવાનું બીજું કારણ હતું. હું ઉપર લખી ગયો કે મને ભોંય તથા દરવાજા સાફ કરવાનું કામ સોંપ્યું હતું. આ કામ દશેક દહાડા કરાવ્યા બાદ બે તૂટેલી કામળીને સીવીને એક કરવાનું કામ મળ્યું. આ કામ ઝીણું હતું. આખો દહાડો વાંસો નમાવીને ભોંય ઉપર કામ કરવું રહ્યું, તે પણ કોટડીમાં બેસીને. આથી સાંજ પડયે મારી કેડ દુઃખવા આવતી ને મારી આંખને પણ કંઇક ઇજા થવા લાગી. કોટડીની હવા ખરાબ એમ તો મેં હંમેશાં માનેલું. વડા દારોગા આગળ એક બે વખત માંગણી કરી કે મને બહાર ખોદવા વિગેરેનું કામ સોંપે. તેમ નહિ તો મને ખુલ્લી હવામાં કામળી ગૂંથ-

વાનું આપે. તેણે બંનેની ના પાડી. આ બાબત પણ મેં ડિરેક્ટરને જણાવી. છેવટે ડાકટરનો હુકમ થયો અને મને ખુલ્લી હવામાં કામળી ગૂંથવાનું કહ્યું. જો ખુલ્લી હવામાં કામ કરવાની પરવાનગી ન મળત તો હું માનું છું કે મારી તબીયત વધારે બગડત. આ હુકમ મળતાં બીજી કંઈક અડચણો પડેલી પણ તેનું બ્યાન કરવાની જરૂર નથી. એટલે એમ થયું, કે મારો ખોરાક બદલ્યો તેની સાથેજ ખુલ્લી હવામાં કામ કરવાનું મળ્યું. તેથી બેવડો લાભ થયો. જ્યારે કામળી ગૂંથવાનો હુકમ થયો ત્યારે એમ મનાતું કે એકને ગૂંથતાં એક અઠવાડીયું જશે એટલે તેમાંજ મારી મુદ્દત પૂરી થશે. પણ તેમ થવાને બદલે હું તો પહેલી કામળી ગૂંથ્યા બાદ એક જોડી બે દહાડે ગૂંથી રહેવા લાગ્યો. તેથી કામ બીજું શોધ્યું. એટલે કે ગંજીફરાકને ઊન ભરવાનું, ટિકીટ પાકીટ સીવવાનું વિગેરે.

મેં ઘણા સત્યાગ્રહીને કહેલું કે જો તેઓ તબીયત બગાડીને જેલમાંથી નીકળે તો તેઓના સત્યાગ્રહમાં ફેર ગણાય. કેમકે ઘટતા ઇલાજ આપણે ધીરજથી લઇ શકીએ છીએ. વળી ચિંતા રાખીએ તોપણ તબીયત બગડે. સત્યાગ્રહીએ તો જેલનો મહેલ કરવો રહ્યો. આવા વિચારથી હું દિલગીર થતો કે રખેને મારે પોતાનેજ બગડેલી તબીયતે નીકળવું પડે. વાંચનારે યાદ રાખવું કે ઘીનો હુકમ મારે સારૂ થયો તે હું કબૂલ નહોતો કરી શકતો. એટલે મારી તબીયત સત્યાગ્રહમાં બગડી. પણ બીજાને તે નિયમ લાગૂ પડી શકતો નથી. દરેક કેદી જ્યારે પોતે એકલો એક જેલમાં હોય ત્યારે પોતાને સારૂ અડચણો દૂર કરવાની માંગણી કરી શકે છે. પ્રિટોરિયામાં તેમ ન કરવા મારે ખાસ કારણ હતું. તેથીજ મારે એકલાને સારૂ ઘીનો હુકમ હું કબૂલ નહોતો કરી શકતો.

દરોગા સાથેનો સંબંધ.

ઉપર જણાવી ગયો કે મારો ઉપરી દરોગો કંઇક કડક વર્તણૂક

ચલાવતો. આમ લાંબુ નહિ ચાલ્યું. અને તેણે જોયું કે હું સરકારની સામે તો ખોરાક વિગેરે બાબત લડયા કરૂં છું, પણ તેના બધા હુકમ ઉઠાવું છું ત્યારે તેણે ઢબ ફેરવી. અને મને જેમ ફાવે તેમ કરવા દે. એટલે કે જાજરૂ, નહાવા વિગેરેની અડચણ દૂર થઇ. વળી પોતાનો હુકમ મારી ઉપર ચાલી શકે છે એમ ભાગ્યેજ જણાવા દે. તે દરોગાની બદલીમાં બીજો આવ્યો તે તો બાદશાહ હતો. મને ઘટતી સગવડ આપવા તેની કાળજી રહેતી. તે કહેતો કે "જે માણસ પોતાની કોમને સારૂ લડે છે તેને હું ચાહું છું. હું પોતે લડવાવાળો છું. તને હું કેદી ગણતો નથી." આમ ઘણી આશાયેશની વાતો કરતો.

વળી થોડા દહાડા બાદ મને અરધો કલાક સવારે ને તેટલોજ વખત સાંજે આંટા મારવાને જેલની ફળીમાં કાઢતા. તે કસરત જ્યારે બહાર બેસીને કામ કરવાનું થયું ત્યારે પણ જારી હતી. આ ધારો જે કેદીને બેસીને કામ કરવાનું હોય છે તે બધાને લાગુ પડે છે.

વળી જે બાંકડીની મને ના પાડેલી તે બાંકડી તેની મેળે વડા દરોગાએ થોડા દહાડા બાદ મોકલી હતી. દરમિયાન જનરલ સ્મટ્સ તરફથી બે ધર્મનાં પુસ્તક મને વાંચવા મળ્યાં હતાં તે ઉપરથી મેં અનુમાન કર્યું કે મારી ઉપર જે દુઃખ પડયું તે કંઇ તેના ફરમાનથી નહિ; પણ તેની તેમજ બીજાઓની બેદરકારીને લીધે તથા આપણને કાફરાઓમાં ગણે છે તેને લીધે. એટલું તો ચોક્કસ જણાયું, કે મારાથી કોઇની સાથે વાતચિત ન થઈ શકે એ જ મને એકલો મૂકવાનો હેતુ હતો. કેટલીક મહેનતે મને સીસાપેન તથા નોટબુકની પણ પરવાનગી મળેલી.

ડિરેક્ટરની મુલાકાત.

પ્રિટોરિયા મને પહોંચાડયો તેની શરૂઆતમાં જ ખસૂસ પરવા-

નગી મેળવી. મિ. લિચિનસ્ટાઇન મને મળ્યા હતા. તે આવેલા માત્ર ઓફિસના કામને સારૂ પણ મને કેમ છે વિગેરે સવાલો તેણે પૂછ્યા. આનો જવાબ દેવા હું નારાજ હતો. પણ તેણે દાબીને પૂછ્યું તેથી મેં કહ્યું "હું બધું તો નથી કહેતો પણ આટલું કહું છું કે મારા ઉપર ઘાતકી વર્તણુક ચાલે છે. આમ કરી જનરલ સ્મટ્સ મને પાછો હઠાવવા માંગે છે પણ તે તો થવા કાળ નથી. જે દુઃખ પડશે તે સહન કરવા તૈયાર છું. મારૂં મન શાંત છે. આ તમે જાહેરમાં ન મૂકશો. બહાર નીકળ્યા બાદ હું પોતે બધું દુનિયાને જાહેર કરીશ." મિ. લિચિનસ્ટાઇને આ હકીકત મિ. પોલાકને જણાવી. મિ. પોલાકથી ન જીરવાયું અને તેણે બીજાઓને વાત કરી. તેમાંથી ડેવિડ પોલાકે લોર્ડ સેલ્બોર્નને લખ્યું, ને તપાસ ચાલી. આ ઉપરથી ડિરેક્ટર મને મળવા આવ્યા. તેને મેં ઉપરના જ શબ્દો જણાવ્યા. વિશેષમાં જણાવી ગયો છું તે ખામીઓ બતાવી તે ઉપર દશેક દહાડા બાદ મને સુવાનું પાટીયું ઓશિકું, તથા રાતના પહેરવાનું ખમીશ તથા નાક લૂછવાનો રૂમાલ મોકલ્યાં. તે મેં લીધાં આ વિષે મેં લખાણ રજૂ કર્યું છે તેમાં જણાવ્યું છે કે ઉપર પ્રમાણે બધા હિન્દીને હાજત રહે છે. ખરૂં જોતાં સુવા બેસવા બાબત ગોરાઓ કરતાં હિન્દી વધારે કોમળ છે. તેને ઓશિકા વિના ચલાવવું મુસ્કેલ છે.

એટલે ખાવાની તથા ખુલ્લી હવામાં કામ કરવાની સગવડ ઉપર પ્રમાણે વધી. પણ નસીબ બે ડગલાં આગળ જ. પાટિયું માંકડોથી ભરપુર હતું. તેથી તે તો મેં દસેક દિવસ ન વાપર્યું. છેવટે વડા દરોગાએ તે દુરસ્ત કરાવ્યું એટલે વાપરવું શરૂ કર્યું. દરમિયાન મને તો ભોંય ઉપર કામળી નોંખી સુવાની ટેવ પડી ગઇ હતી. એટલે પાટિયાથી કંઈ ફેરફાર જણાયો નહિ. ઓશિકાની ગેરહાજરીમાં મારી ચોપડીઓનો ઉપયોગ કરતો એટલે તે મળવાથી પણ કંઇ વિશેષ તફાવત ન પડયો.

હાથ બેડી.

શરૂઆતની જે વર્તણુક હતી તે ઉપરથી જે વિચારો મને થયા તેમાં વળી નીચેના બનાવથી ટેકો મળ્યો. ચારેક દિવસ પછી મિસિસ પિલેના કેસમાં મને સાક્ષી–સમન્સ મળ્યો. તેથી મને કોરટમાં લઈ ગયા. તે વેળા હાથમાં હાથકડી પહેરાવી. વળી દરોગાએ તે ચપોચપ ચઢાવી. આ તો અજાણતાં કરેલું એમ માનું છું. વડો દરોગો જોઇ ગયો. તેની પાસેથી મેં પરવાનગી મેળવી હતી કે મારે એક ચોપડી વાંચવા સાથે લઇ જવી. તેના મનમાં હશે કે બેડીથી હું શરમાતો હોઇશ તેથી મજકુર ચોપડી તેણે મારા બંને હાથમાં પકડવાનું કહ્યું, કે જેથી બેડી દેખાય નહિ. આથી મને તો હસવુંજ આવ્યું. બેડીમાં હું પોતે માન સમજ્યો. જે ચોપડી મેં લીધી હતી તે આનાયાસેજ એ હતી કે જેનું નામ ગુજરાતમાં ("The Kingdom of God is within you" by Tolstoy) "ખુદાનો દરબાર તારા અંતરમાં છે" એ પ્રમાણે થાય. મેં મનમાં વિચાર્યું કે આ પણ મારે યોગ બન્યો છે. બહારથી હું ગમે તેવો ભીડમાં મૂકાઉં પણ જો ખુદાને મારા અંતરમાં વસવા જેવો થઇને હું રહું તો પછી મારે બંજી શી પરવા હોય? આ પ્રમાણે મને ચલાવીને લઈ ગયા હતા. વળતાં જેલનો ખટારો આવ્યો હતો. હું જવાનો છું એ ખબર હિન્દીઓમાં હોવી જોઇએ, તે ઉપરથી કેટલાક હિન્દી કોર્ટ આગળ ઉભા હતા. તેમાંથી મી. ત્ર્યંબકલાલ વ્યાસ મિસિસ પિલેના વકીલ મારફતે મળી શક્યા હતા.

એક બીજી વેળા મને કોર્ટ લઈ ગયેલા ત્યારે પણ હાથકડી પહેરાવેલી. જતાં આવતાં બંને વખતે ખટારો હતો.

સહન કરવામાં સાર છે.

ઉપર જે હકીકત હું આપી ગયો છું, તેમાંની કેટલીક નજીવી

ગણી શકાય પણ તે બધી વિસ્તારથી આપવાનો હેતુ એ છે કે નાની મોટી બધી બાબતોમાં સત્યાગ્રહ લાગુ પડે છે, છોટા દરોગાઓએ આપેલી શરીરની અડચણો મેં કબુલ રાખી તેનો અંત એ આવ્યો કે મારૂં મન શાંત રહ્યું. એટલુંજ નહિ, પણ તેજ અડચણો તે લોકોએ દૂર કરી. જો હું સામે થાત તો મારૂં મનોબળ વેરાઇ જાત ને મારે જે મોટા કામ કરવાના હતા તે ન થઇ શકત તથા તે દરોગા મારા શત્રુ જેવા થઇને રહેત.

ખોરાકની બાબતમાં ટેક રાખવાથી ને શરૂઆતમાં દુઃખ સહન કરવાથી તે અડચણ પણ દૂર થઇ. તેમજ ઝીણી બાબતોમાં સમજી શકાય તેવું છે.

પણ મોટામાં મોટો લાભ તો એ થયો કે શરીરનું દુઃખ સહન કરવાથી મારા મનનું બળ ઘણુંજ વધેલું. હું ચોકખી રીતે જોઇ શકું છું. હું માનું છું કે ગયા ત્રણ માસનો લાભ મને ઘણોજ મળ્યો છે ને આજે હું વધારે દુઃખો સહેલથી ઉઠાવવા તૈયાર થઇ રહ્યો છું. એમ જોઉં છું કે સત્યાગ્રહને હંમેશાં ઇશ્વરની સહાય છે અને સત્યાગ્રહીની કસોટી કરતાં પણ તે જગતનો કર્તા સહન થઇ શકે તેટલોજ બોજો મૂકતો જાય છે.

વાંચન.

મારા દુઃખની અથવા તો સુખની અથવા બંન્ને કહાણી તો હવે પૂરી થઇ ગણાય. પણ ત્રણ માસમાં મને ઘણા લાભો મળ્યા તેમાં મોટા લાભોમાંનો એક લાભ વાંચવાની તક મળી તે પણ ખરો. મારે કબૂલ કરવું જોઇએ કે પ્રથમ ભાગમાં હું કંઇક વિચારમાં ઉતરી જતો, દુઃખથી કંટાળતો. વળી મન વાળું ને વળી વાંદરાની માફક મન તરફડીઆ મારે. આવે સમયે ઘણીવાર માણસો ઘેલા જેવા થઇ જાય

છે. મારા પુસ્તકોએ મારો બચાવ ભારે કર્યો. હિંદી ભાઇઓના સમાગમની ખોટ બહુ ભાગે પુસ્તકોએ પૂરી પાડી. મને હંમેશાં લગભગ ત્રણ કલાક વાંચવાના મળતા. સવારનો એક કલાક મળતો ત્યારે હું ખાતો નહિ. એટલે તે બચે. સાંજના પણ તેમજ અને બપોરના ખાતા ખાતા વાંચવાનું બનતું. સાંજના તો વળી થાક્યો ન હોઉં ત્યારે બત્તી થયા પછી પણ વાંચતો. શનિવારે તથા રવિવારે તો પુષ્કળ વખત રહે આ દરમ્યાન લગભગ ત્રીસ ઉપરાંત પુસ્તકો વાંચ્યાં ને કેટલાંક વિચાર્યા. તેમાં અંગ્રેજી પુસ્તકો, હિંદી, ગૂજરાતી, સંસ્કૃત અને તાલીમ એમ હતાં. અંગ્રેજી પુસ્તકોમા જાણવા જેવાં ટોલ્સટૉયનાં, એમર્સનના તથા કાર્લાઇલના ગણું છું. પહેલાં બે ધર્મ સંબંધી હતાં. આની સાથે બાઈબલ પણ મેં જેલમાંથી લીધું હતું. ટોલ્સટૉયનાં લખાણ ગમે તે ધર્મ માનનારો માણસ વાંચીને લાભ લઇ શકે એવાં સરસ અને સરળ છે. વળી તે માણસ જેમ કહે છે તેમ કરનાર છે, એટલે તેના લખાણ ઉપર સાધારણ રીતે વધારે ભરોસો રહી શકે છે.

ફ્રેંચ વિપ્લવ.

કર્લાઇલનું ફ્રેંચ બળવા ઉપરનું લખાણ છે. તે અસરકારક છે. તે ઉપરથી મને થઇ આવ્યું કે હિંદુસ્તાનની દૂરદશા મટાડવાનો ઉપાય આપણને ગોરી પ્રજા તરફથી મળવાનો નથી. મારી માન્યતા છે કે ફ્રેંચ પ્રજાએ બળવાથી ખાસ લાભ મેળવ્યો નથી. આમ માઝીનીનો પણ વિચાર હતો. આમાં ઘણા મતભેદ છે. તેનો વિચાર આ જગ્યાએ થાય તેમ નથી. તે ઇતિહાસમાં પણ કેટલાક સત્યાગ્રહીના દાખલા જોવામાં આવ્યા.

ગુજરાતી, હિંદી અને સંસ્કૃત એ પુસ્તકોમાં સ્વામીજીના તરફથી મોકલાએલા વેદ–શબ્દ–સંજ્ઞા, ભટ્ટ કેશવરામ તરફથી મળેલાં ઉપનિષદ, મિ. મોતીરામ તરફથી મળેલ મનુસ્મૃતિ, ફીનીક્સમાં છપાયેલા રામા-

ચણુસાર પાતંજલ–યોગ–દર્શન, નથુરામની બનાવેલી આહ્નિકપ્રકાશ તથા પ્રોફેસર પરમાનંદે આપેલી સંધ્યાની ગુટિકા, ગીતાજી તથા મરહુમ કવિશ્રી રાયચંદના લખાણુ આ પ્રમાણે વાંચવામાં આવ્યાં. આ બધામાંથી મને ઘણું વિચારવાનું મળ્યું. ઉપનિષદથી મને અત્યંત શાંતિ રહેલી. તેમાં એક વાક્ય મને ચોંટી રહ્યું છે તેનો સાર એ છે કે જે કંઈ તું કરે તે આત્માના કલ્યાણુને ખાતર કરજે. એ શબ્દોમાં લખાએલું છે. તે બહુ રસિક છે. તેમાં બીજું ઘણુંએ વિચારવા જેવું છે.

પણુ સર્વથી વધારે સંતોષ કવિશ્રી રાયચંદનાં લખાણુમાંથી મળ્યો. તેમના લખાણુ મારા વિચાર પ્રમાણે તો સર્વને માન્ય થઇ પડે તેવાં છે. તેમની રહેણી ટોલ્સટૉયની જેમ ઉંચા પ્રકારની હતી આમાંથી તથા સન્ધ્યાના પુસ્તકમાંથી કેટલોક ભાગ મેં મોઢે કરેલો. તેનું રટન જ્યારે જ્યારે રાતના જાગું ત્યારે કરતો અને સવારના અર્ધો કલાક હમેશાં તેજ વિચારમાં ગાળતો. મોઢે કરેલું ઘણું બોલી જતો અને આથી મન રાતદહાડો આનંદમાં રહેતું. કોઇ વેળા નિરાશા આવે તો વળી વાંચેલાનો વિચાર થાય કે તુરત હસતો થઇ જાઉં, તથા ઇશ્વરનો ઉપકાર માનું. આ વિષે પણુ ઘણા વિચારો વાંચનાર આગળ મૂકવા જેવા છે છતાં તેમ કરવાનો આ પ્રસંગ નથી. માત્ર એટલું જ કે આ જમાનામાં સારાં પુસ્તકો તે સત્સંગની ખામી કંઇક પૂરી પાડે છે એટલે સહુ હિંદી જે જેલમાં સુખ ભોગવવા માગે તેણે વાંચવાની ટેવ પાડવી.

તામીલનો અભ્યાસ.

તામીલ લોકોએ જે કર્યું છે તે બીજા હિંદીએ આ લડતમાં નથી કર્યું. એટલે બીજા કારણુસર નહિ તો માત્ર મનમાં અને મનથી તેઓનો ખરો ઉપકાર માનવાને ખાતરજ મારે ધ્યાનપૂર્વક તામીલ વાંચવું જોઇએ એમ વિચાર આવ્યો. તેથી પાછળનો એક મહિનો

મુખ્ય ભાગે તામીલનો અભ્યાસ કરવામાંજ ગાળ્યો. તામીલ જેમ જેમ વધારે ભણતો જાઉં છું તેમ તેમ તે ભાષાની ખુબીઓ જોતો આવું છું. તે ઘણી સરસ અને મધુર ભાષા છે તથા તેની રચના ઉપરથી જણાય છે કે તામીલ લોકોમાં ઘણા હુશિયાર, વિચારવાન અને શાણા પુરૂષો થયા છે અને થાય છે. વળી જો હિંદુસ્તાન એક થવાનું છે તો કેટલાક મદ્રાસ બહારના હિંદીઓએ પણ તામીલ જાણવું જોઇએ.

અંત.

આ અનુભવ વાંચી કોઇ વાંચનાર જેણે દેશદાઝ જાણી નથી તે જાણે, જાણીને સત્યાગ્રહી બને, તે જેણે જાણી છે તે દૃઢ થાય એમ ઇચ્છું છું. જેણે પોતાનો ધર્મ જાણ્યો નથી તે ખરી દેશદાઝ નહિ જાણે એમ હું વધારે માનતો જાઉં છું.

બાકીમાં તોઃ—

અલખ નામ ધુનિ લગી ગગનમેં,
મગન ભયા મન્દિરમેં રાજી;
આસન મારી સુરત દૃઢ ધારી,
દિયા અગમ ઘર દેરા જી.

વળી—

કરના ફકીરી ક્યા દિલગીરી
સદા મગન મન રહેનાજી.

દુનિયામાં રહીને ફકીરી રાખી શકાય છે છેવટે–ખુદા ઇશ્વર–કેમ જણાય? તો કહે છે કે:-

હસતાં રમતાં પ્રગટ હરી દેખું રે
મારૂ જીવ્યું સફળ તવ લેખું રે,
એનું સ્વપ્ને જો દર્શન પામેરે
તેનું મન ન ચઢે બીજે ભામેરે.

સમાપ્ત.

રાષ્ટ્રીય સાહિત્યમાળા.

સત્યાગ્રહ:— મણુકો ૨ જો.

મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહ વિષેના લેખો, હન્ટર કમિટિ સમક્ષ તેમણે આપેલી સત્યાગ્રહ તત્ત્વ નિરૂપક જુબાનીનો ભવ્ય ધાર્મિક સંવાદ તથા ઇન્ડીઅન ઓપીનીઅનમાં પ્રસિદ્ધ થએલ મહાત્માજીનો દક્ષીણ આફ્રિકાની "સત્યાગ્રહની છેલ્લી લડતનો અનુભવ" ઇત્યાદિ લેખોનો સંગ્રહ

વિદ્યાર્થી આલમને:— મણુકો ૩ જો.

મહાત્મા ગાંધીજીનાં વિદ્યાર્થી સમક્ષનાં ભાષણો તથા લેખોનો સંગ્રહ.

પ્રકાશક

રાષ્ટ્રીયસાહિત્ય પ્રચારક મંડળ.

દોલતખાના, ૪૧૦૫, અમદાવાદ.

Published by T. S. Trivedi, Manager,
Rashtriya Sahitya Pracharak Mandal
at 4105, Dolatkhana. Ahmedabad.